# દરેક હેતુ માટે નિશ્ચિત સમય



આશિષ રાયચૂર

**ફક્ત મફત વહેચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2024

**માહિતી માટે સંપર્ક કરો**
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, India

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**

આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને “ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર” ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**

**સંદેશાઓને માટે**: apcwo.org/sermons | **પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org
**ઈ-લર્નિંગ**: apcbiblecollege.org/elearn | **કાઉન્સીલિંગ**: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati – A Time For Every Purpose)

# દરેક હેતુ માટે નિશ્ચિત સમય

# અનુક્રમણિકા


1. સમય–ઈશ્વરની દ્રષ્ટિથી 1

2. સમયને પારખવો તથા મેળવી લેવો 7

3. સમય અને ઋતુઓને સમજવા 15

4. વિવેકબુદ્ધિથી આપણાં જીવનોની ગોઠવણ 26

5. સમયની પુનઃ સ્થાપના 33

# 1
# સમય—ઈશ્વરની દ્રષ્ટિથી

સભાશિક્ષક 3:1-8

1 પૃથ્વી ઉપર દરેક બાબતને માટે ઋતુ, અને દરેક પ્રયોજનને માટે વખત હોય છે:

2 જનમવાનો વખત અને મરવાનો વખત; રોપવાનો વખત અને રોપેલાને ઉખેડી નાખવાનો વખત;

3 મારી નાખવાનો વખત અને સાજું કરવાનો વખત; તોડી પાડવાનો વખત અને બાંધવાનો વખત;

4 રડવાનો વખત અને હસવાનો વખત; શોક કરવાનો વખત અને નૃત્ય કરવાનો વખત;

5 પથ્થરો ફેંકી દેવાનો વખત અને પથ્થરો એકઠાં કરવાનો વખત; આલિંગન કરવાનો વખત અને આલિંગનથી દૂર રહેવાનો વખત;

6 શોધવાનો વખત અને ખોવાનો વખત; રાખવાનો વખત અને નાંખી દેવાનો વખત;

7 ફાડવાનો વખત અને સીવવાનો વખત; ચૂપ રહેવાનો વખત અને બોલવાનો વખત;

8 પ્રીતિ કરવાનો વખત અને દ્વેષ કરવાનો વખત; યુદ્ધનો વખત અને સલાહશાંતિનો વખત.

સભાશિક્ષક 3:11

તેણે દરેક વસ્તુને તેને સમયે સુંદર બનાવી છે; વળી તેણે તેઓનાં હ્રદયમાં સનાતનપણું એવી રીતે મૂક્યું છે કે તે અતથી તે ઈતિ સુધી ઈશ્વરે જ કઈ કર્યું છે તેનો માણસ પાર પામી શકે નહીં.

દાનીયેલ 2:21

તે સમયો તથા ઋતુઓને બદલી નાંખે છે; તે રાજાઓને પદભ્રષ્ટ કરે છે, ને રાજાઓને ગાદીએ બેસાડે છે; તે જ્ઞાનીઓને જ્ઞાન તથા બુદ્ધિમાનોને અક્કલ આપે છે;

“શું સમય થયો?” અથવા “કેટલા વાગ્યા?” આ પ્રશ્ન ખૂબ જ સહજ અને વારંવાર પૂછાય છે જેનાથી આપણે બધા માહિતગાર

છીએ. હાલના ઝડપી જમાનામાં, લોકો જાણે કે ઘડિયાળના કાંટાની માફક જીવન જીવે છે. હકીકતમાં, આપણામાંના મોટાભાગના લોકો સમય સાથે આપણાં જીવનોને ગોઠવીએ છીએ. ઘડિયાળ અને તેનો સમય આપણાં જીવનો પર ઘણો બધો પ્રભાવ પડે છે. યોગ્ય સમયે કોઈ ખાસ કાર્ય કરવું, સમયસર કોઈ ચોક્કસ સ્થળે પહોંચવું, યોગ્ય સમયે જ કોઈ ચોક્કસ વાત કહેવી-આ બધી બાબતો આપણા માટે ખૂબ જ અર્થપૂર્ણ છે. એ જ રીતે "સમય"ને બચાવવા અને તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવા માટે ઘણાં બધા પ્રયત્નો કરવામાં આવે છે.

તમે ક્યારેય એ તથ્ય અંગે વિચાર કર્યો છે કે ઈશ્વર પાસે એક સનાતન ઘડિયાળ છે જે જગતનો પાયો નંખાયા અગાઉથી—અઘોષિત સમયથી હમણાં સુધી ટીક ટીક કરે છે. શું તમે જાણો છો કે આપણાં પ્રત્યેક માટે ઈશ્વર પાસે ઘડિયાળ છે? શું તમે ક્યારેય તમારા જીવનોને તમારા કાંડા ઘડિયાળ કે દીવાલ ઘડિયાળને બદલે ઈશ્વરની ઘડિયાળ સાથે ગોઠવવા અંગે ધાર્યું કે તે અંગે પ્રયત્નો કર્યા છે? તમારે માટે એ કેટલું અગત્યનું છે કે તમે ઈશ્વરના સમય સાથે તમારા જીવનની ઘટનાઓને ગોઠવો અને તેઓ જેમ સામાની નિશ્ચિત મર્યાદામાં તમારા જીવનમાં કરવા માંગે છે તે પ્રમાણે કરો? અને એ તમારે માટે કેટલું અગત્યનું છે કે જે સમય તમારે માટે મુકકરર કરવામાં આવ્યો છે તે સમયે ઈશ્વર તમને જેવા બનાવવા માંગે છે તેવા તમે બનો?

ઉપરના આ પ્રશ્નો પડકારજનક છે, પણ વાસ્તવમાં આપણે માટે એ ખૂબ જ મહત્વનુ છે કે આપણે ઈશ્વરના સમય સાથે આપણાં જીવનોને ગોઠવીએ. આ પુસ્તક આપણ દરેકને વ્યક્તિગત રીતે ઈશ્વરના સમય વિષે શીખવામાં અને તે પ્રમાણે આપણાં જીવનો ગોઠવવામાં મદદરૂપ થશે.

## ઈશ્વરની ઘડિયાળ

**પ્રેરિતોના કૃત્યો 1:6,7**

**6 હવે તેઓ એકઠા થયા ત્યારે તેઓએ તેને પૂછ્યું કે, પ્રભુ, શું તું આ વેળાએ**

**ઇસ્રાએલનું રાજ્ય ફરીથી સ્થાપન કરે છે?**
**7 તેણે તેઓને કહ્યું કે, જે કાળ (ગ્રીક *કૈરોસ*) તથા સમય (ગ્રીક *ક્રોનોસ*) બાપે પોતાના અખત્યારમાં રાખ્યાં છે, તે જાણવાનું તમારું કામ નથી.**

ઈશ્વર પાસે સમયપત્રક છે, નિશ્ચિત ક્રમ અને સમય છે, જેના દ્વારા તેઓ પોતે આદરેલા પ્રસંગો અને ઘટનાઓને ઉજાગર કરે છે. ઈશ્વર પોતાના સમય પ્રમાણે કાર્ય કરે છે. તેઓ જાહેર કરે છે અને પોતાના સમયમાં તેને પરિપૂર્ણ પણ કરે છે. દેવ જે કઈ કહે છે *"તે સઘળું તેના ઠરાવેલા સમયે પરિપૂર્ણ કરવામાં આવશે"* (લુક 1:20). કેટલીક બાબતો છે જેને દેવે જાહેર કરી છે અને તે બાબતો *"અંતના સમય સુધી તે બંધ તથા મુદ્રિત કરવામાં આવેલ છે"* (દાનીયેલ 12:9). દેવની "ઘડિયાળ" માં કહેવાય છે કે "પરિપૂર્ણતાનો સમય" કે "નિશ્ચિત સમય" મુકકરર કરવામાં આવેલ છે. અત્યંત યોગ્ય સમયે, ચોક્કસ સમયે, નિશ્ચિત ઘડીએ—જ્યારે સમય પાકે છે ત્યારે—સાચા સમયે. દાખલા તરીકે, ઉત્પતિના પુસ્તકનાં ત્રીજા અધ્યાયમાં, એટલે કે બાઈબલની એકદમ શરૂઆતમાં જ, આદમ સાથેના કરારમાં, તારનારના આગમન અંગે ભવિષ્યવાણી કરવામાં આવી છે, પરંતુ પ્રભુ ઇસુ તારનાર તરીકે જે રીતે પ્રગટ થયા તે ઘટનાને આકાર લેતા હજારો વર્ષો વીતી ગયાં. આટલી બધી લાંબી વાટ જોવડાવા માટેનું કારણ શું? બાઇબલ આ રીતે સમજાવે છે, *"પણ સમય પૂરો થયો, ત્યારે દેવે પોતાના પુત્રને મોકલ્યો"* (ગલાતી 4:4). *'કૈરોસ'* ક્ષણે—ખૂબ જ પાકટ સમયે—ઇતિહાસના અત્યંત સચોટ સમયે—પ્રભુ ઇસુ આ જગતમાં પ્રવેશે છે. બરાબર આ જ પ્રમાણે, દેવના સનાતન હેતુઓ પણ યોગ્ય સમયે પરિપૂર્ણ કરવામાં આવશે. *"તેણે તેનામાં પોતાના સંકલ્પથી પોતાની પ્રસન્નતા પ્રમાણે, પોતાની ઇચ્છાનો મર્મ આપણને જણાવ્યો કે, સમયોની સંપૂર્ણતાની વ્યવસ્થામાં, સ્વર્ગમાનાં તથા પૃથ્વી પરનાં સઘળાં વાનાનો ખ્રિસ્તમાં તે સમાવેશ કરે"* (એફેસીઓને પત્ર 1:9,10). દેવે *"એક દિવસ નિર્માણ કર્યો છે કે જે દિવસે તે જગતનો અદ્દલ ઇન્સાફ કરશે"* (પ્રેરિતોના કૃત્યો 17:31).

તેથી, આપણે જોઈએ છીએ કે ઈશ્વર પાસે નિશ્ચિત સમય માળખું છે જેના દ્વારા તેઓ ભવિષ્યવાણીઓને પરિપૂર્ણ કરીને પોતાનું સાર્વભૌમત્વ સિધ્ધ કરીને ઘટનાઓમાં હસ્તક્ષેપ કરે છે. પૃથ્વી પરથી વિદાય લેવાના થોડા સમય પહેલા(સ્વર્ગારોહણ), શિષ્યોએ રોમન સામ્રાજ્યના ડમાંથી છુટકારો પામીને ઇસ્રાએલનું રાજ્ય ક્યારે સ્થપાશે તે અંગે દેવના વિચારો વિષે પૃચ્છા કરી (પ્રેરિતોના કૃત્યો 1:6,7). દેવનો પ્રત્યુત્તર આપણને શીખવે છે કે પ્રભુપિતા પાસે તેમનાં અધિકારમાં સમય અને કાળ નિશ્ચિત કરેલા છે. ઇસુએ *'ક્રોનોસ'* અને *'કૈરોસ'* વિષે વાત કરી. ગ્રીક ભાષાનો શબ્દ *'ક્રોનોસ'* સમયગાળા વિષે, સમયને વધારવા કે લંબાવવા વિષે કે સમયના જથ્થા સંદર્ભે વપરાયો છે, જ્યારે *'કૈરોસ'* શબ્દ સમયની ગુણવત્તા કે પ્રકારના સંદર્ભે વપરાયો છે. *'ક્રોનોસ'* શબ્દ સમયની માપણી, કે ગાળો, કે વર્ષો કે લંબાઈ માપવા માટે વપરાય છે જ્યારે *'કૈરોસ'* શબ્દ ચોક્કસ ઘટનાઓ, ખાસ પ્રસંગો, કટોકટીના સમયો, કે બદલાણના સંદર્ભે વપરાય છે. તે "સમયની પરિપૂર્ણતા"—પ્રવર્તમાન સમય માટે કઈ ઘટના કે બનાવ બંધબેસતો છે તે સંદર્ભે વપરાય છે.

કેટલાક સમય અને ઋતુઓ છે જેને પિતાએ ગુપ્ત અને "તેમની શક્તિમાં" રાખવામાં આવ્યા છે. બાઇબલ અમને શિખાવે છે કે, *"તમાંરા યહોવા દેવે તેમના તમાંમ રહસ્યો આપણી સમક્ષ પ્રગટ કર્યા નથી. પરંતુ તેણે આ નિયમ હંમેશાને માંટે આપણી અને આપણા વંશજોની સમક્ષ પ્રગટ કરી છે"* (પુનર્નિયમ 29:29). બીજી આગમન અને યુગના અંત વિશે, ઇસુએ કહ્યું, *"કોઈ વ્યક્તિ જાણતી નથી કે કયા દિવસે કયા સમયે તે થશે. તે પુત્ર અને આકાશના દૂતો પણ તે જાણતા નથી. ફક્ત પિતા જ જાણે છે. સાવધાન રહો! હંમેશા તૈયાર રહો! તમને ખબર નથી તે સમય ક્યારે આવશે"* (માર્ક 13:32,33). પરંતુ, આ મતલબ નથી કે અમે *'ક્રોનોસ'* અને *'કાઇરોસ'* નહીં જાણી શકીએ, જે દેવ જણવા ઈચ્છે છે. સમગ્ર શાસ્ત્રમાં, આપણે જોઈ શકીએ છીએ કે દેવ તેમના લોકોને સમય અને ઋતુઓ જાણવાની અપેક્ષા રાખે છે, જેમાં તેઓ હાલમાં જીવે છે, બંને વ્યક્તિઓ તરીકે અને

સમુદાય તરીકે. દેવ તેમની ઘડિયાળમાં કેટલો સમય છે તે તેમના લોકોને જાણવાની અપેક્ષા રાખે છે.

## બાઈબલમાં "સમય"

સાયમન જે. દેવરી, (મર્કર ડિક્શનરી ઓફ બાઈબલમાં, 1990) સમય સંદર્ભે બાઈબલની વિચારધારા પર નોંધતા લખે છે કે, *"સમય માટેની હિબ્રૂ લોકોની કલ્પનામાં જે અતિ મહત્વનુ છે તે એ કે તેઓ હંમેશા એવી અપેક્ષા રાખતા કે દરેક દિવસ અગાઉના દિવસથી વધુ ઉત્તમ અને ભિન્ન હોય, શક્ય હોય કે કઈક અલગ હોય, અગાઉ ક્યારેય ન બન્યું હોય તેવું કઈક વિશેષ અને ખાસ કાર્ય ઈશ્વર તેઓ માટે કરે. તેથી જ બાઈબલમાં લાક્ષણિક રીતે ઘટનાઓને દિવસોમાં સબોધવામાં આવી છે".* તેઓ બાઈબલના લોકો અંગે કહે છે કે, *"લોકો માનતા હતા કે તેઓના દેવ, જેઓ સર્વવ્યાપી છે તેથી તેમને ગમે તે સ્થળે, ગમે તે સમયે મળી શકે છે, અને તેથી બાઇબલમાં હેતુ અને પ્રગતિની ભાવના, ઉદ્દેશ, પ્રક્રિયા અને ગંતવ્ય છે."*

"સમય" એ બાઇબલમાં એક મહત્વપૂર્ણ તત્વ છે જ્યાં વિવિધ પ્રકારના સમય—વિવિધ *'કૈરો'* ક્ષણોનો સંદર્ભ આપવામાં આવે છે. ગીતશાસ્ત્ર એવા સમય વિશે વાત કરે છે જ્યારે ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકે છે (ગીતશાસ્ત્ર 32:6), દુષ્ટ સમય (ગીતશાસ્ત્ર 37:18,19), મુશ્કેલીનો સમય (ગીતશાસ્ત્ર 41:1) અને સ્વીકાર્ય સમય (ગીતશાસ્ત્ર 69:13; કરિંથીઓને બીજો પત્ર 6:2). નવા કરારમાં, વ્યક્તિ શીખે છે કે દેવ પોતે તેમની સીમાઓ નક્કી કરવા ઉપરાંત રાષ્ટ્રોના ઉદય અને પતન માટે સમય નક્કી કરે છે (પ્રેરિતોનાં કૃત્યો 17:26,27). આપણે જે સમયગાળામાં જીવીએ છીએ તેનો ઉલ્લેખ *"પછીનો સમય"* (1 તીમોથી 4:1) અને *"છેલ્લા દિવસો"* (2 તીમોથી 3:1) જેવા શબ્દો દ્વારા કરવામાં આવે છે. શબ્દસમૂહો જેમ કે *"સમય અને ઋતુઓ"* (1 થેસ્સાલોનીયન 5:1), *"આ છેલ્લા સમય"* (1 પીટર 1:20), *"વિવિધ સમય"*, *"ભૂતકાળ"* (હિબ્રુ 1:1) અને "જરૂરિયાતનો સમય" (હિબ્રુ 4:16) પણ જોવા મળે છે. સમયસર બાઈબલના

પરિપ્રેક્ષ્યને સમજવું એ સફળ ખ્રિસ્તી જીવનનો અભિન્ન ભાગ છે.

## *'કૈરોસ'* (સમય) અંગેની સમજણ

બાઇબલના વચનો પ્રમાણે *'કૈરોસ'* (સમય) એ માત્ર નિયત સમય, યોગ્ય સમય અથવા નિશ્ચિત સમયના સંદર્ભમાં છે. સામાન્ય રીતે કહીએ તો, *'કૈરોસ'* (સમય)ને કેલેન્ડરના વર્ષો સાથે કોઈ લેવાદેવા નથી. જો ઈશ્વર કોઈ ચોક્કસ સમય જણાવતા નથી, તો *'કૈરોસ'* (સમય) જે તે ક્ષણ દ્વારા નક્કી થાય છે જેમ કે ચોક્કસ પરિસ્થિતિઓ—સંજોગો, લોકો, વસ્તુઓ, વગેરેના એકસાથે આવવા પર આધારિત છે—દેવ જે બોલ્યા છે તેને પરિપૂર્ણ કરવા માટે યોગ્ય સમય બનાવે છે.

દાખલા તરીકે, વ્યક્તિગત ભવિષ્યવાણીની પરિપૂર્ણતા *'કૈરોસ'* (સમયે) કે ક્ષણે થાય છે. જો કોઈ ચોક્કસ વ્યક્તિને ભવિષ્યવાણીનું વચન મળ્યું હોય કે તે વ્યવસાયમાં સફળ થશે, તો તેનો અર્થ એ નથી કે તેની સફળતા રાતોરાત આવશે. આ ભવિષ્યવાણીની પરિપૂર્ણતા ત્યારે થશે જ્યારે અમુક શરતો કે જે દેવ ઈચ્છે છે કે શોધી રહ્યા છે, તે વ્યક્તિના જીવનમાં એકસાથે આવશે. જો ભવિષ્યવાણીનો શબ્દ પ્રાપ્ત કરનાર વ્યક્તિ યુવાન હોય, તો સંભવતઃ ઈશ્વર અપેક્ષા રાખશે કે આ વ્યક્તિ પોતાનો વ્યવસાય શરૂ કરવા સક્ષમ બને તે પહેલાં, કેટલીક તાલીમ અને કામના કેટલાક વર્ષો પસાર કરે. યુવક પોતાનો વ્યવસાય શરૂ કરે તે પછી, તેને એક મહાન વિચાર મળે તે પહેલાં તેને ઘણા વર્ષો લાગી શકે છે જે આખરે તેને અત્યંત સફળ બનાવી શકે છે. જ્યારે ભવિષ્યવાણીનો શબ્દ હંમેશાં સાચો હતો, તે ત્યારે જ થઈ શકે જ્યારે આ બધી પરિસ્થિતિઓ થઈ ગઈ હોય અને *'કૈરોસ'* (સમય) કે ક્ષણ આવી ગઈ હોય.

# 2
# સમયને પારખવો તથા મેળવી લેવો

**એફેસી 5:15-17**
**15 કાળજીપૂર્વક સંભાળ રાખો કે તમે નિર્બુદ્ધની પેઠે નહિ, પણ ડાહ્યા માણસની પેઠે, ચાલો,**
**16 સમયનો સદોપયોગ કરો, કેમ કે દહાડા ભૂંડા છે.**
**17 એ માટે અણસમજુ ન થાઓ, પણ પ્રભુની ઇચ્છા શી છે તે સમજો.**

**ક્લોસ્સી 4:5**
**જેઓ બહાર છે, તેઓની સાથે ડહાપણથી વર્તો; સમયનો સદોપયોગ કરો.**

શાસ્ત્ર આપણને *સમય (કૈરોસ)* નો સદોપયોગ કરવા માટે જણાવે છે. આપણાં જીવનમાં આવતી સમયોચિત ક્ષણને ઓળખી લેવી અને પકડી લેવી તેને *“સમયનો સદોપયોગ”* (એફેસીઓને પત્ર 5:16) કર્યો કહેવાય. ઉપર આપવામાં આવેલા શાસ્ત્રભાગ મુજબ, દેવની ઇચ્છાને પારખવાની સાથે, જો આપણે ડાહ્યા બનીને સાવચેતીપૂર્વક ચાલીએ તો જ આ બાબત શક્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણાં વ્યક્તિગત જીવનોમાં સમયોચિત ક્ષણોને પારખવાની—યોગ્ય બાબત યોગ્ય સમયે કરવાની—આપણી ક્ષમતા દેવની ઇચ્છા પારખવાની આપણી સમજણ પર આધારીત છે. દરેક વ્યક્તિગત જીવન માટે દેવ *‘ક્રોનોસ’* અને *‘કૈરોસ’* નક્કી કરે છે. આપણ દરેકની પાસે જીવવા માટે *‘ક્રોનોસ’* એટલે કે નિશ્ચિત આયુષ્ય છે. દેવે તેમના લોકોને વચન આપ્યું છે, *“આયુષ્યના પૂરા દિવસો હું તને આપીશ”* (નિર્ગમન 23:26). સામાન્ય રીતે દેવની ઈચ્છા જણાવે છે કે, *“આપણાં આયુષ્યના દિવસો સિત્તેર વર્ષ છે”* (ગીતશાસ્ત્ર 90:10) જે બાળને કારણે એંસી થઈ શકે છે. દેવે આપણને *“લાંબુ જીવન જીવવાની”* (ગીતશાસ્ત્ર 91:16) સંતુષ્ટિ આપી છે. સામાન્ય રીતે જોઈએ તો, દેવનું બાળકને *“મોસમે પાકેલાં પૂળાની માફક,*

*પાકી ઉંમરે કબરમાં જવાનો"* (અયુબ 5:26) આશીર્વાદ આપ્યો છે. વધુ સ્પષ્ટ રીતે કહીએ તો, આપણાં દરેકનાં જીવન માટે દેવ પાસે ચોક્કસ સમય અને ઋતુ છે.

આપણાં જીવનનો *'કૈરોસ'* (સમય) એ ચોક્કસ પ્રકારનો સમય અને ઋતુ છે કે જેને આપણે ઓળખી લેવાની અને ઝડપી લેવાની જરૂર છે. આપણે તકને ઝડપી લેવાની જરૂર છે.

હાલ તમારા જીવનમાં શાનો *'કૈરોસ'* (સમય) છે? તમે જે ઋતુમાથી પસાર થઈ રહ્યાં છો તે શું છે? શું આ સમય કાર્ય કરવાનો કે તૈયારી કરવાનો છે? શું આ સમય શીખવાનો કે શીખવવાનો છે? શું આ સમય ખ્રિસ્તી જીવનના કોઈ ચોક્કસ પાસાને જાણવાનો છે? શું આ સમય કોઈ ચોક્કસ સબંધ બાંધવાનો છે? શું આ સમય આરામ કરીને આગામી દિવસોની તૈયારી માટેનો છે? શું આ સમય થોભી જઈને હાલમાં બની રહેલી ઘટનાઓમાથી આત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરવાનો છે? શું આ સમય કોઈ ચોક્કસ વિષય ઉપર સંશોધન કરીને તેને વધુ શીખવાનો છે? શું સમય સેવા કરવાનો કે આગેવાની પૂરી પાડવાનો છે? જીવનના જે તબક્કામાં છીએ તેને જ્યારે આપણે પારખી શકીએ, ત્યારે જ આપણે કોઈ ચોક્કસ હેતુને પ્રાપ્ત કરી શકીશું.

કોઈ એક પ્રસગે, જ્યારે પ્રભુ ઇસુ યરૂશાલેમ શહેરમાં આવે છે ત્યારે તેઓ શહેરને જોઈને રડે છે. યરૂશાલેમના આવનાર વિનાશની ભવિષ્યવાણી કરતાં, તેઓ જાહેર કરે છે કે, *"...ત્યારે તે સમયને તેં ઓળખ્યો નહિ"* (લુક 19:41-44). ઈશ્વર પાસે યરૂશાલેમની *"મુલાકાત માટે નિશ્ચિત સમય"* હતો, પરંતુ શહેરમાં લોકો તેનાથી અજાણ હતા. હું માનું છે કે આપણાં દરેકના જીવન માટે ઈશ્વર પાસે મુલાકાતનો નિશ્ચિત સમય છે. જીવનના આપણાં આ તબક્કામાં, ઈશ્વરે આપણાં હૃદયોમાં કોઈ ખાસ કાર્ય પ્રસ્થાપિત કર્યું છે, પરંતુ આપણાં જીવનો માટે તેમની પાસે જે ચોક્કસ યોજનાઓ અને આયોજનો છે તે કદાચ ઉજાગર કરવામાં

ન આવે, કે કદાચ આપણને કોઈ ચોક્કસ દિશાસૂચન કરવામાં ન આવી, કે કદાચ આપણને કોઈ વિશેષ તાલંત વિષેની જાણકારી આપવામાં ન આવે. પણ ઈશ્વરની આ મુલાકાતના સમયના પરિણામનો આધાર આપણે કેવી રીતે પ્રતિષાદ આપીએ છીએ તેના પર નિર્ભર છે. જો આપણે ઈશ્વરની મુલાકાતના સમય અંગે અજાણતા છીએ, તો ઈશ્વર આપણી બાજુમાથી સરકી જશે. અત્યારે દેવ તમારા જીવનમાં જે કરી રહ્યાં છે તે પ્રતિ શું તમે જાગૃત અને સંવેદનશીલ છો? દેવ જે કરી રહ્યાં છે તે પ્રતિ તમારો પ્રતિષાદ શું છે?

## સમયસર અને યોગ્ય દિશામાં

**સભાશિક્ષક 3:17બ**
**... કેમ કે ત્યાં દરેક પ્રયોજનને માટે તથા દરેક કામને માટે [યોગ્ય] સમય હોય છે.**

**સભાશિક્ષક 8:6અ**
**કેમ કે દરેક પ્રયોજનને માટે પ્રસંગ તથા ન્યાય હોય છે;**

આપણે એ સમજવાની જરૂર છે કે દરેક પ્રયોજનને માટે નિશ્ચિત સમય હોય છે. એ જાણવું ખૂબ અગત્યનું છે કોઈ ખાસ પ્રકારની સ્થિતિમાં ઈશ્વર આપણને શું કરવા જણાવે છે, પરંતુ એ પણ એટલું જ અગત્યનું છે નિશ્ચિત સમયે આપણે જે તે કાર્ય કરી દઈએ. ઘણીબધીવાર, આપણને ઈશ્વર તરફથી કોઈ યુક્તિ, પ્રયોજન, વ્યૂહરચના કે દર્શન પ્રાપ્ત થાય છે, અને આપણે ઈચ્છીએ છીએ કે જે તે કાર્ય ઝડપથી પૂર્ણ થાય કે આપણે જઈને તરત જ પૂર્ણ પણ કરી દઈએ છીએ. હું જે શીખ્યો છું તે એ કે ઈશ્વર પાસે માત્ર પ્રયોજન જ નથી હોતું પણ જે તે પ્રયોજન સમયસર ઉજાગર કરીને તેને પૂર્ણ કરવાનો નિશ્ચિત સમય પણ હોય છે. એ આપણી જવાબદારી બને છે કે આપણે માત્ર ઈશ્વરના હેતુઓ અને પ્રયોજનો જાણીએ તેટલું જ નહિ પણ તેને પરિપૂર્ણ કરવા માટેના ઈશ્વરના સમયને પણ સમજીએ. આપણે દેવ સાથે સમયસર અને યોગ્ય દિશામાં ચાલવાનું છે–

ઝડપથી નહિ અને ધીમે પણ નહિ.

આપણે અહીં જેની ચર્ચા કરી રહ્યાં છીએ તેને સમજવા માટે દાઉદ રાજાના જીવનના બે પ્રસંગો મદદરૂપ થાય છે. દેવે દાઉદને ઇસ્રાએલ પર રાજા તરીકે સ્થાપિત કરવાનું નક્કી કર્યું હતું. જ્યારે દાઉદ કિશોર અવસ્થામાં હતો ત્યારે જ શમુએલ પ્રબોધક દ્વારા દાઉદને રાજા તરીકે અભિષેક કરવામાં આવ્યો હતો—દાઉદને રાજા તરીકે દેવ દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો છે તે પ્રદર્શિત કરવા માટે તેલથી તેનો અભિષેક કરવામાં આવ્યો. દાઉદે જ્યારે ગોલિયાથને હરાવીને મારી નાંખ્યો અને ઇસ્રાએલમાં પોતે હીરો બની ગયો ત્યારે પોતાની જાતને શાઉલથી બચાવવા માટે તેને ભાગી જવું પડ્યું. દાઉદ જંગલી પ્રાણીની માફક આમતેમ ભટકતો હતો; મોટેભાગે તેણે રખડું વ્યક્તિની માફક ગુફાઓમાં જ રહેવું પડ્યું. આ સમય દરમ્યાન વર્ષો વીતી ગયા પણ દાઉદ પોતાના દેવની સાથે સત્યતાથી ચાલ્યો. સમયની સાથે, શાઉલ એક યુદ્ધમાં માર્યો ગયો. જ્યારે દાઉદે આ સમાચાર સાંભળ્યા, શાઉલ અને શાઉલના કુટુંબ પ્રત્યે દાઉદને ખૂબ જ પસ્તાવો થયો. ત્યારબાદ, *"...દાઉદે દેવના વચનો અંગે તપાસ કરી, "શું મારે યહુદીયાના કોઈ શહેરમાં જવું જોઈએ?" અને દેવે દાઉદને કહ્યું કે, "તું જા." દાઉદે કહ્યું, "મારે ક્યાં જવું જોઈએ?" અને દેવે ઉત્તર આપ્યો "તું હેબ્રોન જા." તેથી, દાઉદ ત્યાં ગયો. અને ત્યારપછી યહુદીયાના લોકો આવ્યા અને તેઓએ દાઉદને યહુદાના કૂળ પર રાજા તરીકે અભિષિક્ત કર્યો..."* (2 શમુએલ 2:1-4).

યોગ્ય સમયે, યોગ્ય કાર્ય કરવાને કારણે જ દાઉદ યુહુદા કૂળના રાજા તરીકે પ્રસ્થાપિત થઈ શક્યો. સમગ્ર ઇસ્રાએલના તરીકે પ્રસ્થાપિત થતાં દાઉદને ઝાઝી વાર ન લાગી. આપણે જોઈએ છીએ કે દાઉદ દેવની સાથે ડગલામાં ડગ માંડીને સમયસર ચાલનાર દ્રઢ નિશ્ચયવાળો માણસ હતો. જોકે રાજગાદી માટે તે સુનિશ્ચિત હોવા છતાં તે મેળવવા માટે તે જરાપણ ઉતાવળીયો કે અવિચારી ન હતો. દાઉદે દેવને તેઓના સમયે

તેઓના પ્રયોજનોને ઉજાગર કરવા દીધાં. દેવની સાથે દેવના સમયે એક જ ડગલું લેવું તે દાઉદ શીખી ગયો. આપણે નોંધીએ કે હેબ્રોન સુધી પહોંચવા માટે દાઉદે કેટલી કાળજી લીધી. પરંતુ જ્યારે દાઉદે સમયસર અને યોગ્ય રીતે પગલાં લેવાનું શરૂ કર્યું ત્યારે બધી બાબતો આપોઆપ દાઉદના પક્ષમાં આવવા લાગી. સમયસર અને યોગ્ય રીતે લીધેલા પગલાં દ્વાર તમે પણ તમારા જીવનમાં દેવના હેતુઓ અને પ્રયોજનો પરિપૂર્ણ થતાં જોશો.

જોકે દાઉદના જીવનની બીજી ઘટના દૂ:ખદ છે, કારણ કે તે ઘટના દર્શાવે છે કે કેવી રીતે દાઉદ સમયસર અને યોગ્ય રીતે દેવના માર્ગમાં ચાલવામાં નિષ્ફળ જાય છે અને તેની આ સમયચૂકના તેણે અત્યંત માઠાં પરિણામ ભોગવવા પડે છે.

**2 શમુએલ 11:1,2**

**1 નવું વર્ષ બેસતાં જ્યારે રાજાઓ [યુદ્ધને સારું] નીકળે છે, તે વખતે એમ થયું કે દાઉદે યોઆબને તથા તેની સાથે તેના ચાકરોને તથા સર્વ ઇસ્રાએલને મોકલ્યા; તેઓએ આમ્મોનપુત્રોનો નાશ કર્યો, ને રાબ્બાહ નગરને ઘેરો ઘાલ્યો. પણ દાઉદ યરૂશાલેમમાં રહ્યો.**

**2 એક સાંજે એમ થયું કે દાઉદ પલંગ પરથી ઊઠીને રાજમહેલના ધાબા પીઆર ફરતો હતો; ત્યારે તેણે ધાબા પરથી એક સ્ત્રીને સ્નાન કરતાં દીઠી; તે સ્ત્રી દેખાવમાં ઘણી ફૂટડી હતી.**

એ તો વર્ષનો તે સમય હતો કે જ્યારે રાજાઓ તેઓના પુરુષો સાથે યુદ્ધમાં જતાં. અલબત્ત, દાઉદે યુદ્ધમાં તેના પુરૂષોને મોકલવાનું નક્કી કર્યું, અને પોતે રાજમહેલમાં રોકાઈ ગયો. દાઉદ તે વખતે ખોટા સમયે ખોટી જગ્યાએ હતો. તેણે સુંદર બેથસેબાને જોઈ અને વ્યભિચારનું પાપ કરી બેઠો. દાઉદનું આ કાર્ય તેને માટે મોટા વિનાશ અને દૂ:ખનું કારણ બન્યું. દાઉદની નિષ્ફળતાનું આ કારણ તેના સરળ કાર્યને કારણે ઉદભવી જ્યારે તેણે તેનાં પુરુષો સાથે યુદ્ધમાં જવાને બદલે રાજમહેલમાં રહેવાનુ પસંદ કર્યું જે તેણે નહોતું કરવું જોઈતું. ખોટા સમયે ખોટી જગ્યાએ રહેવાનો દાઉદનો આ નિર્ણય ખોટો હતો.

ચાર સુવાર્તાઓમાં જે પ્રમાણે નોંધવામાં આવ્યું છે તેમ, પ્રભુ ઇસુએ જે રીતે પોતાના જીવનક્રમને ગોઠવ્યો તે જોઈએ તો તેઓ પોતાના જીવનમાં ઈશ્વરના સમય અંગે પૂરેપૂરા સભાન અને સંવેદનશીલ હતા. ઇસુએ પોતાની સેવા શરૂ કરવા માટે 30 વર્ષ સુધી રાહ જોઈ તેનું પ્રાથમિક કારણ એ હતું કે, તેઓ જાણતા હતાં કે હજી તેમનો સમય આવ્યો નથી—ઈશ્વરે જે સેવા માટે તેમને અભિષિકત કર્યા છે તે સેવા શરૂ કરવા માટેનો સમય હજી પરિપકવ થયો નથી (યોહાન 2:4). ઇસુએ પોતાની સેવાની શરૂઆત યશાયા પ્રબોધકના પુસ્તકનાં 61માં અધ્યાયના પરાક્રમયુકત વચનો વાંચીને કરી. પ્રબોધવાણીના તે ફકરાને વાંચતાં, ઇસુએ પોતાના શ્રોતાઓને આહવાન કર્યું કે, *"આજ આ ધર્મલેખ તમારા સાંભળતા પૂરો થયો છે"* (લૂક 4:21). પોતાની સેવાની શરૂઆત કરવા માટે ઈશ્વરના સમય અંગે ઇસુ પૂરેપૂરા જાગૃત હતાં. તેમનો સંદેશ પણ સમયસરનો હતો—ઋતુ પ્રમાણેનું વચન હતું. તેઓ પસ્તાવાનો સંદેશ આપતા આવ્યા અને કહ્યું કે, *"સમય પૂરો થયો છે, ને દેવનું રાજ્ય પાસે આવ્યું છે; પસ્તાવો કરો, ને સુવાર્તા પર વિશ્વાસ કરો"* (માર્ક 1:15). તેઓ તેમના સંદેશમાં એક નવા જ યુગની શરૂઆત અંગેની જાહેરાત કરતાં હતાં અને તેમના સંદેશાએ તે સમયે જગતમાં દેવ જે કાર્ય કરી રહ્યા હતાં તે પ્રત્યે લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું. તે સમયે જગતમાં જે બની રહ્યું હતું તે જ બાબતો તેમના સંદેશાઓમાં અને ભવિષ્યવાણીઓમાં પ્રગટ થતી હતી. દેવબાપ જે બાબતો કરી રહ્યા હતાં અને કરનાર હતાં—જગતમાં વર્તમાન અને ભવિષ્યમાં બનનાર બાબતો અંગે ઇસુ પૂરેપૂરા જાગૃત હતાં. જ્યાર લોકો આત્માથી અને સત્યતાથી ભજન કરશે તે બાબત અને પોતાના મરણમાથી થનાર પુનરુત્થાનને (યોહાન 5:25) દર્શાવવા માટે તેઓએ આ વાક્યનો ઉપયોગ કર્યો, *"એવી વેળા આવે છે"* (યોહાન 4:21,23). બીજી જગ્યાએ, તેઓ આવનાર સમય અંગે શિષ્યોને જણાવે છે તેઓ હવે દ્રષ્ટાંતોમાં વાત નહીં કરે પરંતુ બાપ સબંધી સ્પષ્ટપણે બોલશે (યોહાન 16:25).

આપણે અહીં શિખી છીએ કે પૃથ્વી પર દેવના કાર્યો કે ગતિવિધિઓની વિમુક્તિ માટે ચોક્કસ પ્રકારનો સમય હોય છે. ઇસુ પોતાના વધસ્તંભ પરના મરણ અંગે પણ જાગૃત હતાં—તેઓ માટે આ કોઈ આશ્ચર્ય ન હતું. તેઓ જાણતા હતાં કે સમય આવશે જ્યારે તેમના શિષ્યો તેમને તરછોડીને ચાલ્યા જશે (યોહાન 16:32) અને પોતે વધસ્તંભ પર મરણ સહેવું પડશે (યોહાન 13:1; યોહાન 17:1). હકીકતમાં, આવનાર વધસ્તંભના મરણની વાસ્તવિકતાને સમજીને જ તેઓએ પોતાના જીવનક્રમને ગોઠવ્યો હતો (યોહાન 16:32). બાઇબલ એમ પણ કહે છે કે, *"...કોઈએ તેના પર હાથ નાંખ્યો નહીં, કેમ કે તેનો સમય હજી આવ્યો ન હતો"* (યોહાન 7:30; યોહાન 8:20). આપણાં ધણીના આ જીવનવૃતાંત પરથી આપણે ટૂંકમાં એ જ શીખીએ કે, ઇસુ પૃથ્વી પરના પોતાના જીવનમાં પિતાના પ્રયોજનો અને સમય અંગે જાગૃત હતાં. ઇસુનું અનુકરણ કરવું આપણાં માટે પડકાર છે.

આપણે આપણાં જીવનોને કેવી રીતે ગોઠવીએ છીએ? શું આપણે આપણાં જીવનો દેવના પ્રયોજનો અને સમય પ્રમાણે ગોઠવીએ છીએ? આપણાંમાથી ઘણાંબધા દેવની ઇચ્છાથી આગળ દોડી જઈએ છીએ. આપણે માત્ર દેવ આધાર રાખવા પૂરતો નહીં પણ દેવના સમય અંગે ધીરજ રાખવા માટેનો સદગુણ પણ વિકસિત કરવો પડશે. બાઇબલ શીખવે છે કે દેવ, *"તેની વાટ જોનારને સારૂં એવું કરે"* (યશાયા 64:4). મારી કિશોર અવસ્થામાં, જ્યારે દેવે મારા જીવનમાં કાર્ય કરવાનું શરૂ કર્યું ત્યારે, ઘણાબધા પ્રસંગોએ, મે મારી જાતને સેવાના વિવિધ ક્ષેત્રોમાં કામ કરવા માટે ઘણું જોર લગાવ્યું. અલબત્ત, દેવ કૃપાળુ હતા, તેઓ જાણતા હતાં કે આ પુસ્તકમાં લખેલી ઘણીબધી બાબતોથી હું અજ્ઞાની હતો, અને તે બાબતો શીખવા માટે દેવે મને મદદ કરી. પરંતુ તે દિવસો દરમ્યાન, દેવ જે રીતે નવી બાબતો દર્શાવતા અને પવિત્ર નીડરતાનો અલૌકિક રીતે આશીર્વાદ આપતા તે જોવાનો મને આનંદ આવતો. અંતિમ ફળનું પરિણામ શરૂઆતના તે દિવસો છે. આપણે જેની ચર્ચા કરી

રહ્યા છીએ તે તથ્યોને સમજ્યા પછી, હવે આપણી જવાબદારી છે કે આપણે દેવના સમય અંગે શીખીએ. જે બાબતોમાં ઈશ્વર આપણને દોરી રહ્યાં છે, ભલે પછી તે વ્યક્તિગત જીવનો હોય, સેવાનું ક્ષેત્ર હોય કે વ્યવસાય હોય, આપણે ઈશ્વરના સમય અને પ્રયોજન બંનેને જાણવા પડશે. આપણે એ સમજવાની જરૂર છે કે દેવ પાસે તૈયારી અને તાલીમનો સમય છે. દેવ તેના લોકો જેઓ “પવિત્ર યુદ્ધ” માં છે તેઓને “ચાલુ યુદ્ધે” તાલીમ પૂરી પાડે છે. આપણે ક્યારેક ડરના માર્યા કોઈ ચોક્કસ ઘટનાઓ, સ્થળો કે અનુભવોને શોધવાનું ટાળીએ છીએ. આપણને ડર લાગે છે કે આપણે કેવી રીતે પ્રતિક્રિયા આપીશું કે આપણે જે તે બાબત જાણતા હોતા નથી. પણ ક્યારેક, ઈશ્વર ઈચ્છે છે આપણે એ પ્રકારની સ્થિતિમાથી પસાર થઈએ, વિજયી થઈએ, શીખીએ, અને તે પ્રકારની સ્થિતિથી તાલીમબદ્ધ થઈએ. આ પ્રકારની સ્થિતિથી જીવન જાણે કે ચકરાવે ચઢે છે કે ક્યારેક બિનજરૂરી વિલંબ થાય છે. પરંતુ ઈશ્વર આ બધું જ આપણાં લાભમાં પરિવર્તિત કરે છે.

જેઓ “ખચ્ચર જેવા” છે તેઓને માટે ઘણાં બધા આશ્ચર્યો છે. આ પ્રકારના લોકો ઢચુપચુ સ્વભાવના હોય છે, તેઓ ભૂતકાળ–જેનાથી તેઓ પરિચિત અને જાણકાર છે–તેને છોડવા માંગતા નથી–અને છતાં તેઓ ઈશ્વરની નવી શરૂઆતમાં જોડાઈ જાય છે. ઈશ્વરની આ નવી શરૂઆત તદ્દન નવા પ્રકારની અને અપરિચિત છે, અને ઈશ્વર હવે જે કરવા માંગે છે તેમાં જોડાવા માટે આપણે ભાગે ઈશ્વર પર વિશ્વાસ મૂકવો અને હિંમત રાખવી ખૂબ જ જરૂરી બની જાય છે.

આજે ઈશ્વર જગતમાં જે કરી રહ્યાં તે બાબતે આપણે સજાગ રહેવાની જરૂર છે. આપણામાંના જેઓ નેતૃત્વમાં છે તેઓની જવાબદારી છે કે જે લોકસમૂદય આપણને સોંપવામાં આવે છે, તેઓને ઈશ્વરના સમય અનુસાર, જે તે ક્ષેત્રો અને માર્ગોમાં તૈયાર કરીએ.

# 3
# સમય અને ઋતુઓને સમજવા

**1 લો કાળવૃતાંત 12:32અ**
**ઇસ્સાખારના પુત્રોમાંથી બસો એવા માણસો હતા કે જેઓ તે સમયે શાની જરૂર છે, ને ઇસ્રાએલે શું કરવું જોઈએ, તે સમજતા હતા;**

ઉપરોક્ત વચન ચોક્કસ લોકોની સમયને સમજવાની સમજણ દર્શાવે છે. તે *'કૈરોસ'* (સમય)ની ક્ષણને જાણતા હતા. તેઓ જાણતા હતા કે કયા પ્રકારનું કૃત્ય સમયાનુસાર ઉત્તમ છે. સમય અને ઋતુઓની સમજણ આપણને યોગ્ય કાર્ય કરવા માટે સક્ષમ બનાવે છે. આપણાં વ્યક્તિગત જીવનોમાં, અનેક પ્રકારની ઘટનાઓ બને છે જેવી કે સેવાની શરૂઆત કરવી, લગ્ન કરવા, વ્યવસાયમાં ફેરબદલ કરવો, સુવાર્તાને માટે વ્યૂહાત્મક રીતે કાર્યક્ષેત્ર બદલવું, કે નવા પ્રકારના ધંધામાં પ્રવેશ કરવો કે જેમાં આપણે ઈશ્વરના સમયને શોધવાનો હોય છે. શાસ્ત્રમાં ચોક્કસ રીતે દર્શાવવામાં આવેલ કેટલાક સમય (ઋતુ) અંગે આપણે ધ્યાનમાં લઈશું.

## ઈશ્વર દ્વારા નવી શરૂઆત માટેનો સમય

આપણે અગાઉ જોયું તેમ જગતમાં દેવના પ્રગટ થતાં દરેક કાર્ય, શરૂઆત, કે વિસ્તરણ માટે નિશ્ચિત સમય હોય છે. ઈશ્વર ક્યારેય અસ્તવ્યસ્ત રીતે કાર્ય કરતાં નથી. અલબત્ત ઈશ્વર જગતમાં જે નવી શરૂઆત કે કાર્ય પ્રગટ કરીને સિદ્ધ કરવા માંગે છે તે અંગે તેઓની પાસે પૂર્વ નિર્ધારિત સમય નિશ્ચિત હોય છે. ઘણાંબધા પ્રસંગોએ, ઇસુએ આ વાક્યનો ઉપયોગ કર્યો છે, *"એવી વેળા આવે છે"*. ઈસુ પ્રમાણે, જ્યારે લોકો દેવનું આત્માથી અને સત્યતાથી ભજન કરશે ત્યારે સમય નજીક આવ્યો ગણાશે (યોહાન 4:21,23). આપણે એવા જ કોઈ સમયમાં જીવી રહ્યાં

છીએ. આગળ વધતાં, દેવના પુત્રના અવતાર થકી કારમો પરાજય પામેલા શેતાન પાસે ઈતિહાસમાં નિશ્ચિત સમય હતો. જ્યારે ઇસુએ જાણ્યું કે આ પૂર્વનિર્ધારિત સમય આવી પહોંચ્યો છે, ત્યારે તેમણે પ્રગટ કર્યું કે, *"હવે આ જગતનો ન્યાય કરવામાં આવે છે; હવે આ જગતના અધિકારીને કાઢી નાંખવામાં આવશે"* (યોહાન 12:31). યોએલ 2:28 અને પ્રેરિતોના કૃત્યો 2:17માં દર્શાવ્યા મુજબ, *"દેવ કહે છે કે, પાછલા દિવસોમાં એમ થશે કે, હું સર્વ માણસો પર મારો આત્મા રેડી દઇશ".* આપણે દેવના આત્માના ભરપૂરીપણામાં જીવીએ છીએ. દેવનો આ ભરપૂરીપણાનો આત્મા જે માણસો પર રેડી દેવામાં આવ્યો છે તે દેવના લક્ષણો મુજબ જેને દેવ પોતાના સમયપત્રક મુજબ "પાછલા દિવસો" કહે છે જે પાછલા દિવસોમાં જીવીએ છીએ તેને અંતે અનામત રાખવામા આવ્યો છે.

જગતમાં દેવના કાર્ય કે શરૂઆત અંગે આપણે કેટલીક બાબતો જણાવી પડશે.

## *કોઈ નિશ્ચિત સમયગાળામાં જગતમાં આત્માની એક કરતાં વધુ "શરૂઆત" હોય શકે છે*

દાખલા તરીકે, આપણે જે સમયગાળામાં જીવીએ છીએ તે માત્ર આત્માથી અને સત્યતાથી દેવનું ભજન કરવાનો જ સમય નથી પરંતુ આત્માને ભરપૂરીપણામાં પ્રાપ્ત કરવાનો પણ છે. એ ખૂબ જ જરૂરી છે કે આપણે આ બાબત જાણીએ. ઘણાંબધાં આ બાબતથી અજ્ઞાની હોવાથી જગતમાં દેવ પોતાનું જે કાર્ય કરી રહ્યાં છે તે પ્રત્યે પોતાની જાતોને મર્યાદિત બનાવી દે છે. આથી તેઓ પોતાની મર્યાદિત સમજણ અને વિચારધારાથી સમજે છે કે દેવ માત્ર આટલું જ કાર્ય કરી રહ્યાં છે જે ખરેખર યોગ્ય નથી. ખ્રિસ્તીઓ તરીકે, આપણે દેવના એ દરેક કાર્યથી માહિતગાર રહેવાની અને ખુલ્લા મનના રહેવાની જરૂર છે. આપણાં જીવનો દ્વારા ઈશ્વર જે સિદ્ધ કરવા માંગે છે તે પ્રતિ આપણે સમયોજિત અને અનુકૂળ થવું જોઈએ. ઈશ્વર જે કરી રહ્યાં છે તે પાસાઓ

પૈકી-આપણે "વચનની ચળવળ" અંગે જાણીએ છીએ કે જ્યાં વિશ્વાસ, દિવ્ય સાજાપણું, છૂટકારો, સમૃદ્ધિ વિગેરે જેવા વિષયો અંગે શાસ્ત્રના શિક્ષણ પર ખૂબ જ ભાર મૂકવામાં આવતો હતો. આજ રીતે હાલમાં જે નવી બાબતો જેવી કે વિશ્વ સુવાર્તા, મંડળીની વૃદ્ધિ, સ્તુતિ અને આરાધના, કુટુંબ, સામાજિક / રાજકીય ગતિવિધિઓ, આત્મિક જાગૃતિ, ભવિષ્યવાણી અને ધર્મપ્રચારકો પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. ખુલ્લા મનનાં થઈએ, આપણું જે જ્ઞાન છે તેને વિસ્તૃત કરીએ, અને દેવ જે અલગ જ પ્રકારનું કાર્ય કરી રહ્યાં છે તેને પંહોચી વળીએ. તમારા જીવનમાં દેવના કાર્યને કે તમારી જાતને મર્યાદિત ન કરશો. અને દેવનું કરી કોઈક અલગ રીતે કરવામાં જ્યારે સામેલ થાઓ છો ત્યારે જેઓ જુદા પ્રકારની "ભાષા" બોલે છે તેઓ પ્રત્યે સહિષ્ણુ થાઓ.

## *દેવની દરેક શરૂઆત ચોક્કસ હેતુને પરિપૂર્ણ કરે છે*

પ્રવર્તમાન સમયમાં જે આત્માના ભરપૂરીપણાનું સામર્થ્ય જોવા મળે છે તેના હેતુ ઇસુએ સ્પષ્ટ રીતે દર્શાવ્યા હતા, જેમ કે *"પણ પવિત્ર આત્મા ... તમે મારા સાક્ષી થશો"* (પ્રેરિતોના કૃત્યો 1:8). ઈશ્વર જે કઈ કરી રહ્યાં છે તે શા માટે કરી રહ્યાં છે તે અંગે આપણે મનોમંથન કરીને તેને સમજવાની જરૂર છે. નહી તો આપણે "ધ્યેય" ચૂકી જઈને બીજા જ કોઈ "માળખા"માં સામેલ થઈ જઈએ તેવી શક્યાતા છે. આ બાબતને સમજવાથી દેવના નિર્ધારિત હેતુઓએ પરિપૂર્ણ કરવા માટે આપણું અવલોકન કરવામાં મદદ મળશે.

## *દેવની દરેક ચાલ તેની દરેક અન્ય ચાલને પૂરક બનાવે છે*

દેવ જે કાર્ય કે શરૂઆત કરે છે તે દરેક શરૂઆત કે કાર્ય તેઓની બીજી શરૂઆત કે કાર્યને પૂરક હોય છે. દાખલા તરીકે, પવિત્ર આત્માના ભરપૂરીપણાને આપણાં પર રેડી દેવામાં આવ્યો હોવાથી માત્ર આપણે દેવના સાક્ષીઓ થવા માટે સક્ષમ બનાવે

છે એટલું જ નહી પણ આપણને આત્માથી અને સત્યતાથી દેવની આરાધના કરવા માટે પણ સક્ષમ કરે છે. આત્માથી ભરપૂર થઈને આરાધના કરવાથી આપણાં પિતા દેવ પ્રસન્ન થાય છે એટલું જ નહી પણ તે શેતાન શત્રુ માટે હથિયાર સાબિત થાય છે અને સુવાર્તાને સરહદોની પાર લઈ જવામાં પણ મદદ કરે છે. તેથી જેઓ જુદા પ્રકારના કાર્યમાં જોતરાયેલા તેવા લોકોની સાથે જોડાવ અને શીખો, જેથી કરીને તમારું જીવન સમૃદ્ધ થાય.

## *દેવના ભૂતકાળના કાર્યમાં કાર્યરત રહેતા લોકો ભૂલ કરે તેવી શક્યતા છે*

જોકે દેવના અગાઉના કાર્યની જાણકારી મેળવવી અગત્યની છે, પરંતુ આપણે આપણી જાતને ભૂતકાળમાં જ જીવવા દઈ શકીએ નહીં. અત્રે આપણે ઇસ્રાએલ પ્રજાનો દાખલો જોઈશું કે જેઓ વચનના દેશમાં પ્રવાસ કરે છે. ઘણાંબધા પ્રસંગોએ તેઓ હતાશ થઈ ગયા. તેઓએ દેવ અને મૂસા સમક્ષ કચકચ કરી ઘણી ફરિયાદો કરી. આવા જ એક પ્રસંગે, દેવે આગિયા સર્પ તેઓનાં તંબૂઓમાં મોકલ્યા અને ઘણાં લોકોને મારી નાંખ્યાં. જ્યારે લોકોએ પસ્તાવો કર્યો ત્યારે દેવે મૂસાને પિત્તળનો સર્પ બનાવીને તેને એક સ્તંભ પર લટકાવવા સૂચના આપી કે જેથી *"જો કોઈ માણસને સર્પ કરડ્યો હોય, તો તે પિત્તળના સર્પને જોતો તો તે જીવતો રહેતો"* (ગણના 21:1-9). અને તેથી તેમ થયું. ઈતિહાસમાં થોડા સૈકાઓ આગળ વધતાં, મૂસાએ જે પિત્તળનો સર્પ બનાવ્યો હતો તેને આરાધનાની વસ્તુ બનાવીને તેની સમક્ષ ઇસ્રાએલી લોકોએ ધૂપ બાળતા આપણે જોઈએ છીએ (2 જો રાજા 18:4). દેવના લોકો દ્વારા થતી આ ઘાતક મૂર્તિપૂજાને તોડી પાડવા માટે દેવ હિઝીકિયા રાજાને ઊભો કરે છે. આજે એવા ઘણાં બધા છે જેઓ દેવના ભૂતકાળના કોઈ કાર્યને મૂર્તિપૂજા બનાવીને મજબૂત રીતે પકડીને બેઠાં છે. આ એક પ્રકારની ગંભીર ભૂલ અને છેતરપિંડી છે જે દેવને ખિન્ન

કરે છે.

## *દેવ જે કરી રહ્યા છે તે નવી વસ્તુમાં જોડાવાની અનિચ્છા ખર્ચાળ સાબિત થઈ શકે છે*

ઘણીવાર, આપણે એક ચોક્કસ રીતે એટલાં ટેવાયેલા છીએ કે જેમાં આપણે દેવને કાર્ય કરતાં અને તેઓની સમક્ષતા પ્રગટ કરતાં જોઈએ છીએ, અને તેને કારણે આપણે તે જ રીતને મજબૂતાઈથી વળગી રહીએ છીએ. પરિણામ એ આવે છે કે આપણે વર્તમાનમાં દેવ જે નવું કાર્ય કરવા માંગે છે તે પ્રતિ મુક્ત મનનાં રહેવા માટે નિષ્ફળ જઈએ છીએ. જૂના કરારના એ મહાન આગેવાન, મુસા અંગે વિચાર કરીએ તો, એક સમય હતો જ્યારે દેવે મુસાને ખડક પર લાકડી મારવા માટે સૂચના આપી હતી, જે પ્રમાણે મુસાએ કર્યું, અને તરસ્યા ઇસ્રાએલી લોકોને માટે પાણી ફૂટી નિકળ્યું (નિર્ગમન 17:1-7). ત્યાર પછી થોડા વર્ષો બાદ, લોકોને પાણી જોઈતું હતું ત્યારે મુસા આ પ્રકારની સ્થિતિનો સામનો કરે છે, અલબત્ત, આ વખતે દેવ મૂસાને ખડક પર લાકડી મારવાને બદલે ખડકને આજ્ઞા આપવા જણાવે છે. ઇસ્રાએલી લોકોની સતત ફરિયાદોથી કંટાળીને મૂસા ખડકને આજ્ઞા આપવાને બદલે તેની લાકડી ખડક પર પછાડે છે. તેણે બે વાર ખડક પર પોતાની લાકડી પછાડી (ગણના 20:1-13). અલબત્ત, પાણી ફૂટી નિકળ્યું, પરંતુ અવિશ્વાસ અને આજ્ઞાભંગ માટે દેવે મૂસાને જવાબદાર ઠેરવ્યો. તે ક્ષણો દરમ્યાન એવું દ્રશ્યમાન થાય છે કે, અગાઉ કર્યું હતું તેથી આ વખતે પણ થશે એવું સમજીને મૂસાને એમ કરવું વધુ સગવડભર્યું લાગ્યું. ખડક સાથે વાત કરવી મૂસાને સગવડભર્યું ન લાગ્યું. કદાચ, તે ભૂલી ગયો હશે કે ખડકમાથી પાણી કાઢવું દેવનો ચમત્કાર હતો નહીં કે લાકડીનો. મૂસાને પોતાના અવિશ્વાસના પાપને કારણે ઘણા પરિણામો ભોગવવા પડ્યા. પરિણામ એક સરખું જ હોય છતાં દેવની નવેસરથી કાર્ય કરવાની પદ્ધતિ પર વિશ્વાસ કરવા શું આપણે મુક્ત મનનાં થઈશું?

## *સંદર્શનની પરિપૂર્ણતાનો સમય*

**હબાક્કૂક 2:2,3**
**[2] પછી યહોવાએ મને ઉત્તર આપ્યો કે, સંદર્શન લાખ, ને તેને પાટીઓ પર એવું સ્પષ્ટ લાખ કે જે તે વાંચે તે દોડે.**
**[3] કેમ કે એ સંદર્શન હજી નીમેલા વખતને માટે છે, કેમ કે તે પૂર્ણ થવાને તલપાપડ કરી રહ્યું છે, તે ખોટું પડશે નહીં; જો કે તેને વિલંબ થાય, તો પણ તેની વાત જો; કેમ કે તે નક્કી આવશે, તે વિલંબ કરશે નહીં.**

દેવ જે દરેક શબ્દ તમારા હ્રદયમાં અને જીવનમાં બોલે છે તેનાં ફળનો એક નિશ્ચિત સમય છે. જેમ સ્ત્રી એક બાળકને જન્મ આપે છે તે પ્રમાણેની પ્રક્રિયા છે. દાખલા તરીકે—ઈશ્વર તમારા હ્રદયમાં તેઓના વિચારો, યુક્તિઓ, વ્યૂહરચના, પ્રયોજન વિગેરે પસ્થાપિત કરે છે. ત્યાર પછી તમે વ્યક્તિગત રીતે જે સ્થાનમાં પ્રસ્થાપિત છો ત્યાં તે વિચારો કે પ્રયોજનોના વિકાસની શરૂઆત થાય છે અને બીજી બધી બાબતો આપમેળે ગોઠવાતી જાય છે. આખરે જન્મનો સમય થાય છે—અને દર્શન વાસ્તવિક રૂપ ધારણ કરે છે. પરંતુ આપણે જે જાણવાની જરૂર છે તે એ કે તે સમય—સમયનો તબક્કો—દર્શન વાસ્તવિક રૂપ ધારણ કરે-ત્યાં સુધી ધીરજ રાખીએ. ધીરજ રાખવાના આ તબક્કા દરમ્યાન ઈશ્વર આપણને દર્શનની પરિપૂર્ણતા માટે જરૂરી પુષ્ટભૂમિ તૈયાર કરવા માટે સક્ષમ બનાવે છે. દર્શન પરિપૂર્ણ થશે જ એવા આત્મવિશ્વાસ સાથે આપણે આપણાં તત્કાલિન કાર્ય પ્રત્યે ધગશથી મંડ્યા રહેવાની જરૂર છે. ધીરજ રાખવાના આ સમય દરમ્યાન, ઈશ્વર જે જરૂરી વાનાઓ છે જેવા કે લોકો, સ્થળ, બીજી બાબતો વિગેરે એકત્ર કરે છે જેથી આપણે દર્શન પરિપૂર્ણ કરી શકીએ. એકવાર આપણે તૈયાર થઈ જઈએ અને જરૂરી બધી બાબતો ગોઠવાય જાય ત્યારે *‘કૈરોસ’* (સમય)ની-દર્શનની પરિપૂર્ણતાની—ઘડી આવે છે.

## ફળનો આસ્વાદ માણવાનો સમય

**ગીતશાત્ર 1:3અ**
**વળી તે નદીની પાસે રોપાયેલા ઝાડના જેવો થશે જે પોતાના ફળ પોતાની**

**ઋતુ પ્રમાણે આપે છે.**

ફળ હંમેશા પોતાની ઋતુમાં જ આવે છે. આ સૂચિત કરે છે કે આપણે આપણાં શ્રમનું ફળ યોગ્ય સમયે જ માણી શકીએ છીએ. આપણામાંના ઘણાં દેવના તેડાને અનુલક્ષીને કોઈ ચોક્કસ ક્ષેત્રમાં સખત મહેનત કરતાં હોઈશું. ઘણીવાર અપેક્ષિત સમયે ફળ ન મળવાને કારણે કે તરત જ પરિણામ ન મળવાને કારણે આપણે હતાશ થઈ જઈએ છીએ. જ્યારે ફળ આવવાનો સમય ન હોય ત્યારે ફળની અપેક્ષા રાખવાથી નિરાશા ઉત્પન્ન થાય છે. આપણે એ સમજી લેવાની જરૂર છે ફળ પાકવા કે પરિણામ પ્રાપ્ત થવાનો નિશ્ચિત સમય હોય છે. આપણાં પ્રયાસોનું ફળ પ્રાપ્ત કરવા માટે, તેને મોર લાગવા માટે ખીલવા માટે સમય નિર્ધારિત કરવામાં આવ્યો હોય છે. જ્યારે આપણે પ્રભુને માટે શ્રમ કરી છીએ ત્યારે ફળ કે પરિણામ માટે ફસલના માલિક તરફ જ આપણી દ્રષ્ટિ રાખવી પડશે જે પોતાના સમયે તેમાં વૃદ્ધિ કરે છે.

## પરીક્ષણ અને લાલચનો સમય

**લૂક 4:13**
**પછી શેતાન સર્વ પરીક્ષણ પૂરું કરીને કંઈક મુદત સુધી તેની પાસેથી ગયો.**

**એફેસી 6:13**
**એ માટે તમે દેવના સર્વ હથિયારો સજી લો કે, તમે ભૂંડે દહાડે સામા થઈ શકો, અને બને તેટલું સર્વ કરીને તેની સામે ટકી શકો.**

કેટલીક વાર એવો સમય આવે છે જ્યારે શેતાન વિશ્વાસીઓ સામે પોતાના આક્રમણને છૂટું કરવાનો "તકવાદી સમય" જુએ છે. બરાબર તક જોઈને જ શેતાન પોતાની યોજનાનો હુમલો કરે છે. આ પ્રકારના સમયને *"ભૂંડા દહાડા"* (એફેસીઓને પત્ર 6:13) માં તરીકે દર્શાવવામાં આવ્યો છે. આ એ પ્રકારનો સમય હોય છે જ્યારે આપણે કદાચ ખૂબ નબળા હોઈએ છીએ કે શેતાન તેની યોજનાનો અમલ કરવા માટે જાણે કે આપણાં હ્રદયના દરવાજા ખુલ્લા મૂકી દઈએ છીએ. ઇસુ આ સમયને

*"પરીક્ષણના સમય"* (લૂક 8:13) તરીકે જણાવે છે. તેથી જ આપણને *"સાવચેત રહો, જાગતા રહો"* (1 લો પિતર 5:8) માટે ચેતવણી આપવામાં આવી છે. આપણે જે સમજવું ખૂબ અગત્યનું છે કે આપણી વિરુદ્ધ શેતાન પાસે દુષ્ટતાનું આક્રમણ કરવા માટે ચોક્કસ સમય હોય છે. ઘણાબધીવાર સંઘર્ષ અન્ય સમય કરતાં વધુ કઠણ અને સખત હોય છે. અલબત્ત આપણે જાણીએ છીએ કે આપણે શેતાન શત્રુ સમક્ષ મજબૂતાઈથી ઊભા રહી શકીએ છીએ અને તેના પ્રયોજનોને નિષ્ફળ બનાવી શકીએ છીએ. સામાન્ય રીતે, શેતાનના દુષ્ટતાના ઘનિષ્ઠ આક્રમણનો સમય સૂચક હોય છે કે આપણે આપણાં જીવનમાં ફતેહ પ્રાપ્ત કરવાની ઘણાં નજીક છીએ. અન્ય વિશ્વાસી લોકો જેઓ કઠણ સમયમાથી પસાર થઈ રહ્યા છે તેઓ પ્રત્યે સહિષ્ણુ રહેતા આપણને શીખવા મળે છે અને તેઓને મદદમૂપ પણ થઈ શકીએ છીએ. દેવે આપણને *"સંકટને સમયે"* (ગીતશાસ્ત્ર 41:1) અને *"ભૂંડા સમયે"* (ગીતશાસ્ત્ર 37:18,19) મદદ કરવાનું વચન આપ્યું છે.

## કાપણીનો સમય

**પ્રેરિતોના કૃત્યો 16:6,7**
**6 પવિત્ર આત્માએ તેઓને આસિયામાં સુવાર્તાનો બોધ કરવાની મના કરી હતી, તેથી તેઓ ફ્રૂગિયા તથા ગલાતીયાના પરદેશમાં ફર્યા.**
**7 તેઓએ મૂસિયાની સરહદ સુધી આવીને બિથૂનીય જવાનો પ્રયત્ન કર્યો; પણ ઈસુના આત્માએ તેઓને જવા દીધાં નહિ;**

આપણાં દેવ ફસલના દેવ છે. જગતના દેશો તેઓની ફસલના ખેતરો છે. દેવ જાણે છે કે ક્યારે કયું ક્ષેત્ર કાપણી માટે તૈયાર છે, કેમ કે તેમાનું દરેક ક્ષેત્ર એક જ સમયે કાપણી માટે તૈયાર હોતું નથી. આપણે પાઉલ અને તેના સાથીઓના અનુભવથી માહિતગાર છીએ કે જ્યારે તેઓ સુવાર્તાનો બોધ કરવા એક ચોક્કસ પરદેશમાં દાખલ થવા માટે પ્રયત્ન કરતાં હતા, પરંતુ પવિત્ર આત્માએ તેઓને તેમ કરવાની મંજૂરી ન આપી. કેટલાક ચોક્કસ કારણોસર તે પ્રદેશ સુવાર્તાને માટે તૈયાર ન હતો. કદાચ, લોકો સુવાર્તા સાંભળવા માટે તૈયાર નથી અને તેથી પ્રાર્થના અને

મધ્યસ્થી દ્વારા કામ કરવામાં આવે છે. કદાચ, જેઓ બોધ કરવા જતાં હતા તેઓ તે પ્રદેશના પડકારોને પહોંચી વળવાને સક્ષમ ન હતા, કે કદાચ, થોડા સમય પછી બોધ કરવામાં આવે તો વધુ પ્રમાણમા કાપણી થઈ શકે. કારણ ગમે તે હોય, આપણે જ્યારે સુવાર્તાના કાર્યને માટે શરૂઆત કરીએ ત્યારે પવિત્ર આત્માની દોરવણીમાં, દેવના સમયની સાથે ડગલાં માંડતા ખૂબ જ કાળજી રાખવાની જરૂર છે.

## દેવનું ઘર બાંધવાનો સમય

**હાગ્ગાય 1:1-4**

**1 ... હાગ્ગાય પ્રબોધકની મારફતે યહોવાનું વચન આવ્યું કે,**
**2 સેન્યોનો [દેવ] યહોવા કહે છે કે, આ પ્રજા કહે છે કે, વખત [આવ્યો નથી], એટલે યહોવાનું મંદિર બાંધવાનો વખત, હજી આવ્યો નથી,**
**3 ત્યારે યહોવાનું વચન હાગ્ગાય પ્રબોધક મારફત આવ્યું કે,**
**4 આ મંદિર ઉજ્જડ પડી રહેલું છે, તે દરમ્યાન તમારે તમારા છતવાળા ઘરોમાં રહેવાનો આ વખત છે શું?**

**હાગ્ગાય 1:8**

**અને પર્વતો પર જાઓ, લાકડાં લઇ આવો. અને મારા મંદિરને ફરી બાંધો. તેનાથી મને આનંદ થશે ત્યાં મારું સન્માન થશે.**

જૂના કરારમાનાં પ્રભુનાં લોકો દેવના સમયના તકાજાને ચૂકી ગયા અને અયોગ્ય કાર્યો કરીને દોષિત ઠર્યા. તેઓ પોતાના ઘરો બાંધવામાં વ્યસ્ત રહ્યાં અને દેવના મંદિરના બાંધકામ પ્રત્યે બેદરકાર રહ્યાં. સમાંતર રેખાંકન કરતાં, આપણે જાણીએ છીએ તેમ વર્તમાનમાં દેવ “ઈંટ અને રેતીથી” મંદિર નથી બનાવતા, પરંતુ “જીવંત પથ્થરો” થી મંદિર બનાવે છે. આ મારૂ મંદિર છે કહેતા ઇસુ જે મંદિર બાંધવા માંગતા હતા તે માટે તાલંતીત સેવા સંસ્થાઓ નીમી અને સંતોને તેડયા (એફેસી 4:7-11). આપણે એવા સમયમાં છીએ જ્યારે વધુમાં વધુ લોકો પોતાના ઘરોના બાંધકામ માટે નહિ પરંતુ દેવના મંદિરના બાંધકામની જરૂરિયાતનો અનુભવ કરી શકે. જેમ જૂના સમયમાં દેવ કરતાં હતા તેમ એવો સમય આવે છે જ્યારે દેવ

પોતાનાં લોકોને તેઓનું ઘર(પોતાની વૈભવી જીવનશૈલી અને ખ્રિસ્તી સામ્રાજયો)ના બાંધકામ પડતાં મૂકીને પોતાની મંડળીના બાંધકામમાં રોકાણ કરવા તેડું આપશે. આનો અર્થ એવો થાય છે કે આપણે બલિદાનયુક્ત જીવન, મોકળા મને આપવાની ભાવના, અને ખ્રિસ્ત ખાતર ભયમુક્ત જીવનશૈલી અપનાવવા માટે તૈયાર રહેવું પડશે.

## શાંત સમય (વર્ષો)

ગલાતી 1:15-18

**15 પણ દેવ જેણે મને મારા જન્મના દિવસથી જ અલગ કર્યો હતો, તથા પોતાની કૃપાથી મને બોલાવ્યો હતો તેને જ્યારે એ પસંદ પડ્યું,**
**16 કે, પોતાનાં દીકરાને તે મારામાં પ્રગટ કરે, જેથી હું તેની સુવાર્તા વિદેશીઓમાં પ્રગટ કરું; ત્યારે તરત જ કોઈ પણ માણસની સલાહ પૂછ્યા વગર,**
**17 અને મારાથી અગાઉ જેઓ પ્રેરિત હતા તેઓની પાસે યરૂશાલેમ ગયા વગર હું અરબસ્તાન ચાલ્યો ગયો; અને ફરીથી દમસ્ક પાછો આવ્યો.**
**18 ત્યાર બાદ ત્રણ વર્ષ પછી કેફાની મુલાકાત લેવાને હું યરૂશાલેમ ગયો, અને તેની સાથે પંદર દિવસ રહ્યો.**

ગલાતી 2:1

**વળી ચૌદ વર્ષ પછી હું બાર્નાબાસની સાથે પાછો યરૂશાલેમ ગયો, અને તિતસને પણ મારી સાથે લેતો ગયો.**

શાસ્ત્રના મોટાભાગના અધ્યયનમાં આપણે નિરીક્ષણ કરીએ તો દેવના પસંદ કરેલા સેવકો—જેઓને દેવે તેડું આપ્યું હતું—તેઓએ સેવાની તૈયારી કરવા ઘણાબધા વર્ષો "શાંત સમય" પસાર કર્યો. આપણે આ સમયને "શાંત સમય" એટલા માટે કહીએ છીએ કારણ કે તેઓએ આ સમય દરમ્યાન શું કર્યું તે અંગે ઝાઝો ઉલ્લેખ જોવા મળતો નથી. દેવે તેઓને જે કાર્યને માટે તેડયા હતા તેને માટે તેઓ તાલીમ લઈ રહ્યાં હતા કે તૈયારી કરી રહ્યાં હતા. અને શાંત સમયનો અંત થવા પર, દેવે તેઓને ઉલ્લેખનીય કાર્યોમાં પ્રસ્થાપિત કર્યા. પાઉલના જીવનમાં આપણે આ બાબત સ્પષ્ટપણે જોઈએ

છીએ. પાઉલનું તારણ થયું અને સેવાને માટે તેડવામાં આવ્યો. પરંતુ ઘણા વર્ષો પછી તેણે અભિષેકની પૂર્ણતામાં પ્રવેશ કર્યો. શાઉલમાથી પાઉલના બદલાણ બાદ, તેણે અરેબિયામાં ઘણાં વર્ષો શાંત સમયમાં પસાર કર્યા. કદાચ 10 વર્ષ પછી, અંત્યોખમાંની મંડળીમાં તેણે શિક્ષણ આપવાની શરૂઆત કરી. લગભગ ત્રણ વર્ષ પછી, પવિત્ર આત્માએ તેને પ્રેરિત તરીકેનું કાર્ય કરવા માટે તેડું આપ્યું (પ્રેરિતોના કૃત્યો 13:1-3). આ જ બાબત આપણે આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તના જીવનમાં પણ જોએ છીએ જેઓએ પોતાની જાહેર સેવાની શરૂઆત કરતાં પહેલા 30 વર્ષો શાંત સમયમાં પસાર કર્યા. યુસફે 13 વર્ષો સુધી વાટ જોઈ, મૂસાએ 40 વર્ષો સુધી રાહ જોઈ, આમ આ યાદી લાંબી થતી જાય છે. એ બાબત સમજવી અગત્યની છે કે શાંત સમયના વર્ષો નિષ્ક્રિયતાના વર્ષો નથી પણ તૈયારીના વર્ષો છે જ્યાં ઈશ્વર વ્યક્તિ દેવના તેડાને અનુરૂપ અગત્યના પાસાઓ શીખે છે. કોઈ વ્યક્તિ દ્વારા જે તૈયારી કરાવે છે તેના કરતાં દેવ જે તૈયારીમાં દોરે છે તે અલગ જ પ્રકારની હોય છે. દેવની “તાલીમશાળા” દરેક વ્યક્તિ માટે વિશેષ રીતે બનાવવામાં આવેલ છે. આપણાંમાનાં ઘણાંબધા આ તાલીમના સમયગાળામાથી પસાર થઈ રહ્યાં છીએ. આપણે જે કરી રહ્યાં છીએ તે આવનાર સમય માટે પાયાનું કાર્ય છે. તેથી તમારા કાર્ય પ્રતિ અને વિશેષ કરીને શિક્ષણ, તાલીમ અને તૈયારી પ્રતિ વિશ્વાસુ રહો.

# 4
# વિવેકબુદ્ધિથી આપણાં જીવનોની ગોઠવણ

**સભાશિક્ષક 8:5,6**
**[5] બુદ્ધિમાન માણસનું અંત:કરણ પ્રસંગ તથા ન્યાય સમજે છે;**
**[6] કેમ કે દરેક પ્રયોજનને પ્રસંગ તથા ન્યાય હોય છે;**

**લૂક 12:54-56**
**[54] તેણે લોકોને પણ કહ્યું કે, તમે પશ્ચિમથી વાદળી ચઢતી જુઓ છો કે, તરત**
**જ તમે કહો છો કે, ઝાપટું આવશે; અને એમ જ થાય છે.**
**[55] જ્યારે દક્ષિણનો વા વાય છે, ત્યારે તમે કહો છો કે, લૂ વાશે; અને એમ**
**જ થાય છે.**
**[56] ઓ ઢોંગીઓ, પૃથ્વીનું અને આકાશનું રૂપ તમે પારખી જાણો છો; તો આ**
**સમય તમે કેમ પારખી નથી જાણતા?**

ડાહ્યો માણસ કોઈ કાર્ય કરવા માટેનો યોગ્ય સમય અને તે કાર્ય કરવા માટે જે કરવું પડે તે બંને બાબતને પારખી શકે છે. દરેક બાબત અને કાર્ય—સેવાની શરૂઆત હોય, લગ્ન હોય, નોકરીમાં ફેરફાર હોય, દેવના કાર્યને માટે સ્થળની વ્યૂહાત્મક ફેરબદલી હોય કે નવા વ્યવસાયની શરૂઆત હોય—માટે યોગ્ય સમય અને યોગ્ય પગલાં હોય છે (યોગ્ય કાર્ય કરવું). દેવે આપણને ડાહ્યા લોકો—એવા લોકો જે પ્રસંગ તથા ન્યાય પારખી શકે તેવા બનવા માટે તેડયા છે.

આપણાં જીવનોમાં (વ્યક્તિગત અને વ્યાવસાયિક) સમય અને ઋતુની આપણી પરખ તેની સાથે યોગ્ય પગલાં લેવાની જવાબદારી લાવે છે. પાઉલ લખે છે, *"સમય પારખીને, હમણાં તમારે ઊંઘમાથી ઉઠવાની વેળા આવી ચૂકી છે;... રાત ઘણી ગઈ છે, દિવસ પાસે આવ્યો છે; માટે આપણે અંધકારના કામો તજી દઈને પ્રકાશના હથિયારો સજી દિવસે જેમ ઘટે તેમ આપણે..."* (રોમન 13:11-13). કેમ કે આપણે જાણીએ છીએ

કે કેવો સમય છે, તેથી આપણને સમયને અનુરૂપ જીવવાની સલ્લાહ આપવામાં આવી છે. જી લોકો સમયને સમજીને પોતાના જીવનો ગોઠવે છે તેઓ વિવેકબુદ્ધિવાળા છે. આ એવા લોકો છે જેઓ *“કયા સમયે કયા શબ્દો”* (નીતિવચન 15:23) બોલવા તે જાણે છે કેમ કે તેઓએ પોતાની જાતોને દેવના વચનો સાંભળવા માટે શિસ્તબદ્ધ કર્યા છે (યશાયા 50:4,5). જ્યારે દેવની સેવા કરવાનો સમય આવે છે ત્યારે તેઓ હંમેશા તૈયાર હોય છે. તેઓ *“અનુકૂળ કે પ્રતિકૂળ”* (2 જો તિમોથી 4:2) સમય માટે તત્પર હોય છે. ઈશ્વર તેઓને ગમે તે સમયે તેડું આપી શકે છે કારણ કે તેઓ જે સમયમાં જીવી રહ્યાં છે તે સમયની જરૂરિયાતથી જાગૃત છે. અને તેથી તેઓ હરહંમેશ તૈયાર રહીને શિસ્તબદ્ધ રીતે જીવે છે. આ એવા લોકો છે જેઓ હતાશ થતાં નથી અને સારું કાર્ય કરવાનું પડતું મૂકતાં નથી કેમ કે તેઓ જાણે છે *“યોગ્ય સમયે”* તેઓને અચૂક બદલો મળશે (ગલાતી 6:9). તેઓ એવા લોકો છે જેઓ નમ્રતાથી ચાલે છે, પ્રસિદ્ધિ માટે કાર્ય કરતાં નથી કે અધિકારનો અયોગ્ય ઉપયોગ પણ કરતાં નથી. તેઓ માણસોની પ્રસંશાના ભૂખ્યા નાટો હોતા કેમ કે તેઓ જાણે છે *“યોગ્ય સમયે”* દેવ તેઓને માન આપશે (1 લો પિતર 5:5,6). આપણે આપણાં જીવનોને કેવી રીતે ગોઠવી રહ્યાં છીએ? શું આપણે દેવની સાથે ચાલવામાં અને તેઓના પગલાંમાં પગ મૂકવા દેવની ઘડિયાળ (સમય) મુજબ પ્રયત્નો કરી રહ્યાં છીએ? કે અન્યોને જોઈને તેમની માફક આમતેમ ગમે તેમ જીવી રહ્યાં છીએ. આવો આપણે આપણાં જીવનોને—આપણી પ્રાથમિકતાઓને પુન: ગોઠવીને, આપણાં સમયપત્રકને બદલીને, સમય અને ઋતુ મુજબ આપણી જીવનશૈલી બદલીને દેવ આપણને જેમાથી પસાર કરી રહ્યાં છે તે રીતે વિવેકબુદ્ધિથી ગોઠવીએ.

સમયને પારખવા સક્ષમ બનવું એ વર્તમાન પરિસ્થિતિનું અવલોકન કરીને હવામાન જાણવા જેવુ છે. ઇસુએ પોતાની પાછળ ચાલતા ટોળાને કઠણ શબ્દોમાં ઠપકો આપતા આ ઉદાહરણનો ઉપયોગ કર્યો હતો. લોકો વાદળ અને પવનની

દિશા જોઈને હવામાન અનહે આગાહી કરતાં હતા. પરંતુ તેઓ સમયને પારખી શકતા ન હતા. આ ઉપયોગી સામ્યતાથી, આપણે કેટલીક નોંધ કરી શકીએ છીએ કે જે સમયમા દેવ આપણને દોરી રહ્યા છે તેને પારખવામાં અને તેને યોગ્ય પ્રતિસાદ આપવા માટે મદદ મળશે. અવલોકન કરવું અને શીખવું એ સમય અને ઋતુને પારખવાની ચાવી છે.

## તમારામાં દેવના આત્માની દોરવણીનું અવલોકન કરો

તમારા જીવનમાં કાર્ય કરવાની પ્રક્રિયા દરમ્યાન, તમારે માટે દેવ પોતાનાં હેતુઓ અને પ્રયોજનોને પ્રગટ કરે છે. દેવ પોતાનાં આત્મા અને વચનો વડે તમારામાં મજબૂત ઈરાદાઓ, દર્શન અને આશાનું નિર્માણ કરે છે. તમારા અંતર આત્મામાં પ્રજવલિત થઈને, ખોવાયેલાને શોધવા, દેવના વચનો પીરસવા, ઉત્તમ વ્યવસાયિક બનવા અને વિગેરે માટે તમને એક સળગતો જુસ્સો તમારામાં જોવા મળશે. હાલ દેવ તમને આ વાત કહી રહ્યાં છે. દેવના આ કાર્ય પ્રતિ સચેત અને જાગૃત રહો.

## તમારા જીવનની સ્થિતિ અને ઘટનાઓનું અવલોકન કરો

તમારો સમય, તમારા જીવનમાં ઘટતી ઘટનાઓ ઈશ્વરના હાથમાં છે (ગીતશાસ્ત્ર 31:15). ઘટનાઓ એમ જ બનતી નથી. સમજી લો કે ઘણીબધીવાર, દેવ તમારે માટે ચોક્કસ પ્રસંગ કે સ્થિતિનું નિર્માણ કરે છે. જે સ્થિતિ કે ઘટના તમારા માર્ગમાં આવે છે તે દ્વારા દેવ તમને કઈક કહેવા માંગે છે. કદાચ માનવી સાથેની કે કોઈ મોટી કંપનીના કોઈ વડા સાથે ઈશ્વરની આ દિવ્ય મુલાકાત હોય શકે છે. કોઈ ચોક્કસ કામમાં સામેલ થઈને, કોઈ સંદેશ સાંભળીને, કોઈ મિત્ર દ્વારા કરવામાં આવેલ કોઈ ટિપ્પણી વડે, કે અન્ય રીતે આ બાબત એક તક સમાન હોય શકે છે. જીવનની સામાન્ય લાગતી ઘટનાઓ દ્વારા ઈશ્વર તમારી સાથે વાત કરી શકે છે. ક્યારે દેવ બોલે છે (અને ક્યારે નથી બોલતા!) તે પ્રતિ સચેત રહો અને તેઓ શું કહેવા માંગે તેનું અવલોકન કરો.

## તત્કાલિન ઘટનાઓ સાથે તમારામાં દેવના આત્માની ગતિને સબંધિત પગલાં લો

જો તમે રસ્તા પર ફરતા હો અને તમને આકાશમાં કાળા વાદળો મંડરાતા દેખાય અને તમને વરસાદની સુગંધ આવવા લાગે કે કદાચ વરસાદનું એકાદ ટીપું પણ તમારા પર પડે, તો સામાન્ય રીતે તમે તરત જ ભીંજાવાથી બચવા માટે બધા જ પ્રયત્નો કરશો. તમે તરત જ તમારી છત્રી કાઢશો કે કોઈ છત નીચે આશરો લેશો. બરાબર આ રીતે જ, જ્યારે તમે તમારા જીવનની પરિસ્થિતી અને પવિત્ર આત્માની દોરવણી અંગે સચેત થાઓ છો, ત્યારે તમારે આ બે બાબતોને સાંકળીને યોગ્ય પગલાં લેવાની જરૂર છે.

## જીવનની ઋતુઓ (સમય) પ્રત્યે સંવેદનશીલ બનો

જેઓને દુનિયાના અતિ ઉષ્ણ કે શીત તાપમાનમાં રહેવાનો અનુભવ છે તેઓ જે તે ઋતુ પ્રમાણે પોષક ધારણ કરવાની અગત્યતાને બરાબર સમજે છે. શિયાળાની ઋતુ દરમ્યાન તેઓ જાડા અને ગરમ કપડાં તૈયાર રાખે છે અને ઉનાળાની ઋતુ માટે આછા અને પાતળાં કપડાં પહેરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, જે તે ઋતુને અનુરૂપ આપણે આપણો પહેરવેશ નક્કી કરીએ છીએ. બરાબર એ રીતે જ, વિશ્વાસીઓ તરીકે, દેવ આપણને જે સમયો અને ઋતુમાથી પસાર કરાવે છે તેને અનુરૂપ આપણે જીવનો અને જીવનશૈલીને ગોઠવવા જોઈએ.

## દેવ તમને તૈયારી માટેના સમય (ઋતુ) માં લઈ જશે

આપણે સર્વ સમજીએ છીએ કે જે કાર્યને માટે દેવે આપણને તેડું આપ્યું છે તેને માટે દેવ આપણને તૈયાર કરે છે. આપણે જે સમજવામાં નિષ્ફળ જઈએ છીએ તે એ છે કે તૈયારીને માટે ઘણો બધો સમય લાગે છે. દાખલા તરીકે, ક્યારેક તમે તૈયારીના કોઈ કે તબક્કામાથી પસાર થાઓ છો જ્યાં તમે નવી કુનેહ અને કુશળતા શીખો છો અને વિકસિત કરો છો. તમે ધારી લો

છો કે આ તબક્કો પૂરો થશે એટલે મારા હ્રદયમાં વિચારેલું મારૂ સ્વપ્ન પૂરૂ કરવા માટે દેવબાપ મને લીલી ઝંડી આપી દેશે. તમને આશ્ચર્ય થશે કે જેઓ આ તબક્કો પૂરો થાય છે, તમારા હ્રદયમાં રમતું સ્વપ્ન સાકર કરવાને બદલે, ઈશ્વર તમને કોઈ બીજા પ્રકારની તૈયારી માટે બીજા તબક્કામાં દોરી લઈ જાય છે. કદાચ આ સમય દરમ્યાન, શિસ્તના ગુણને દ્રઢ કરવા અને વિકસિત કરવા માટે ઈશ્વર તમને તૈયારીના આ બીજા તબક્કામાં દોરી રહ્યા હોય છે.

## દરેક સમય તમને આવનાર સમય માટે તૈયાર કરે છે

ઈશ્વર તમને જે સમયોમાથી પસાર થવા દે છે, તે તમને એકલા અટુલા પાડીને ભૂલી જવા માટે નથી હોતા. બલ્કે, દરેક સમય તેની અગાઉના સમય પરથી તૈયાર થતો હોય છે. વર્તમાન સમયમાથી તમે જે બાબતો શીખો છો તે ભવિષ્યમાં આવનાર સમયના પડકારોને માટે તમને તાલિમબદ્ધ કરે છે. તેથી જીવનમાં આવતો દરેક સમય મહત્વનો છે.

## સમય સાથે બદલાવા માટે તૈયાર રહો

જ્યારે સમય બદલાય છે અને જીવનમાં ફેરફાર આવે છે, ત્યારે બદલાણ આવશ્યક બની જાય છે. દાખલા તરીકે, વર્તમાન સમયમાં, તમે કોઈ ચોક્કસ સ્થળે રહેતા હશો, ચોક્કસ મિત્રો હશે, અને તમે ચોક્કસ પ્રકારની પ્રવૃતિમાં સામેલ હશો. પરંતુ ઈશ્વર જ્યારે તમારા જીવનમાં સમય બદલે છે ત્યારે દેવ ઈચ્છે છે કે તમે નવા સ્થળે જાઓ, નવા મિત્રો બનાવો, નવા પ્રકારની પ્રવૃતિમાં સામેલ થાઓ. જોકે કેટલાકને આમ કરવું અઘરું લાગે છે, કારણ કે તમે જૂની સ્થિતિ સાથે સગવડતા અનુભવો છો અને નવી સ્થિતિથી ઉચાટ અનુભવો છો. દેવે તમારા માટે ભવિષ્યમાં જે સમય અને સ્થિતિ નક્કી કર્યા છે તેમાં આગળ વધવા તમારે હંમેશા તૈયારી બતાવવી જોઈએ.

## અગમચેતી વાપરીને આવનાર સમય માટે તૈયાર રહો

ક્યારેક, તમને ખબર હોય છે કે નિશ્ચિત સમયે તમારા જીવનમાં ફેરફાર થવાનો છે. દાખલા તરીકે, થોડા મહિનાઓમાં તમે એકાકી જીવનમાંથી લગ્ન જીવનમાં જોડાનાર છો. જે રીતે તમે જાણો છો કે ખૂબ નજીકના ભવિષ્યમાં આ ફેરફાર તમારા જીવનમાં થનાર છે તો તે માટે તમે શક્ય બને તેટલા તૈયાર થઈ જાઓ. આવનાર ફેરફાર માટે અંગે તમે ઊંઘતા ઝડપાવ તેવું ન બનવું જોઈએ. આવનાર સમયથી જે પાસાઓને અસર થવાની છે તે અંગે ઊંડાણથી વિચારો અને યોગ્ય તૈયારી કરો.

## તમે જે સમયમાં છો તેનો આનંદ માણો

જીવનમાં આવતા દરેક સમયનો આનંદ માણતા શીખવું પડશે. બીજા સમયની માફક કેટલીકવાર દરેક સમય સુખદાયક ન હોય એવું બને. તેમ છતાં, તમારે જીવનયાત્રાના દરેક સમયનો આનંદ માણતા શીખવું પડશે કેમ કે દરેક સમય મૂલ્યવાન છે.

## ક્યારે *‘કૈરોસ’* (યોગ્ય સમય) ક્ષણ આવે છે?

જેમ અગાઉ જણાવ્યુ તેમ, *‘કૈરોસ’* (યોગ્ય સમય) એટલે આપણાં જીવનમાં એકસાથે બનતી ચોક્કસ ઘટનાઓ જે સમયને અનુકૂળ બનાવે છે. વ્યક્તિગત બાબતોમાં, *‘કૈરોસ’* (યોગ્ય સમય) ઈશ્વર કરતાં આપણાં પોતાના પર વધુ આધારિત છે. દાખલા તરીકે, તમે તમારૂ સેવા કે વ્યવસાયનું મંડાણ કરવા માટે આતુરતાથી *‘કૈરોસ’* (યોગ્ય સમય) ક્ષણની વાટ જોતાં હોવ. જે વ્યક્તિ પોતાની સેવાની શરૂઆત કરવા માટે વાટ જોતી હોય, પરંતુ *‘કૈરોસ’* (યોગ્ય સમય) ક્ષણ ત્યારે જ આવે છે જ્યારે ઈશ્વરને લાગે કે જે તે વ્યક્તિ પૂરેપૂરી રીતે સક્ષમ અને તૈયાર છે. આ પ્રકારની તૈયારી એ બાબત નિર્ભર કરે છે કે જે તે વ્યક્તિ પોતાના જીવનમાં દેવના આદેશ અને દોરવણીને કેવી રીતે પ્રતિસાદ આપે છે. ઇચ્છિત વ્યક્તિત્વ, શુદ્ધ ઈરાદા, યોગ્ય અભિગમ, અને સેવા માટેનું હૃદય જ્યાં સુધી વ્યક્તિના

જીવનમાં વિકસિત ન થાય ત્યાં સુધી ઈશ્વર વાટ જુએ છે. જ્યારે દેવ આ બાબતોની પરિપકવતા વ્યક્તિના જીવનમાં નિહાળે છે ત્યારે, સેવાના મંડાણની *'કૈરોસ'* (યોગ્ય સમય) ક્ષણ આવે છે. તે ક્ષણ સુધી ઈશ્વર જરૂરી સમજે તેટલા સમય સુધી રાહ જુએ છે. ઈશ્વર ક્યારેય ઉતાવળમાં હોતા નથી.

# 5
# સમયની પુન: સ્થાપના

**યોએલ 2:25**
**તીડો, કાતરાઓ, ઇયળો અને જીવડાઓની મોટી ફોજ જે મારા તરફથી તમારામાં મોકલી હતી, તે જે વરસો[નો પાક] ખાઈ ગયા છે, તેનો બદલો હું તમને વાળી આપીશ.**

**ગીતશાસ્ત્ર 103:5**
**તે ઉત્તમ વસ્તુથી તારા મોઢાને તૃપ્ત કરે છે; જેથી ગરુડની પેઠે તારી જુવાની તાજી કરાય છે.**

**2 જો પિતર 3:8**
**પણ વ્હાલાઓ, આ એક જ વાત તમે ભૂલી ન જાઓ કે, પ્રભુની નજરમાં એક દિવસ હજાર વરસોનાં જેવો, અને હજાર વરસો એક દિવસના જેવા છે.**

અંતમાં, સમયની પુન:સ્થાપના અંગે આપણે કેટલાક વિધાનો જોઈશું. આપણે જે સમયમાં જીવી રહ્યા છીએ તે સમયને મોટાભાગના બાઈબલના અભ્યાસુઓ પ્રેરિતોના કૃત્યો 3:19-21 પ્રમાણે  પુન:સ્થાપનાનો સમય જણાવે છે. મંડળીમાં આ બાબત પરિપૂર્ણ થઈ રહી છે કેમ કે તે મહાન પરાક્રમ અને ગૌરવથી પુન:સ્થાપિત થઈ રહી છે. અલબત્ત, જેમ આપણે શાસ્ત્રમાં જોઈએ છીએ, જ્યારે દેવ પુન:સ્થાપિત કરે છે ત્યારે તેઓ તેમાં વૃદ્ધિ પણ કરે છે (અયુબ 42:10). જ્યારે દેવ પુન:સ્થાપિત કરે છે ત્યારે અગાઉ કરતાં ઘણું વધારે અને ઉત્તમ હોય છે. સમયને પણ આ બાબત એટલી જ લાગુ પડે છે. સમય દેવને નિયંત્રિત કરતો નથી, પરંતુ દેવ સમયને નિયંત્રિત કરે છે. દેવની ઘડિયાળમાં, સમય કઈક અલગ જ રીતે કાર્ય કરે છે જેમ આપણે જોવા ટેવાયેલા છીએ તે રીતે બનતું નથી. આપણાંમાનાં કેટલાકને માટે, તીડો અને કાતરાઓ આવીને બધું ખાઈ ગયા હશે. આ સ્થિતિમાં, તીડો અને કાતરાઓ નુકશાન,

વિનાશ અને નિરર્થકતાના પ્રતિક છે. જે વરસો (સમય) નિરર્થક અને નકામા ગયા છે  તેને દેવ પુન:સ્થાપિત કરી શકે છે (ગમે તે કારણ હોય). આપણાં પોતાના પ્રયાસોથી આપણે સદીઓ સુધી જે હાંસલ કરી શક્યા નથી તે પ્રાપ્ત કરવા માટે પવિત્ર આત્માની મદદ થકી દેવ વરસમાં આપણને સક્ષમ કરી શકે છે. આપણાં જીવનોમાં જે વરસો નિરર્થક ગયા છે તેને પુન:સ્થાપિત કરવા માટે આપણે દેવ તરફ દ્રષ્ટિ કરી શકીએ છીએ.

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્ભુત બાબતો કરી.

**આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.**

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સૃજન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ-સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, ***"કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું***

*કૃપાદાન અનંતજીવન છે"* **(રોમનને પત્ર 6:23).** જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારું ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને—તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે—પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

*"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે."* **(પ્રેરિતોના કૃત્યો 10:43).**

*"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ."* **(રોમનોને પત્ર 10:9).**

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારું મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે*

તે તેના પાપોથી છુટકારો પામે છે.

આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.

આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છું અને મારે મોઢે કબુલ કરું છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો.

આમેન

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક ઇસુ **પ્રેમી, વચન કેન્દ્રિત, આત્માથી ભરપૂર**, કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- **સજ્જતાના કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- **મિશન કેન્દ્ર તરીકે**, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- **વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (કરિન્થિઓને પહેલો પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/locations મુલાકાત લેશો અથવા અમને contact@apcwo.org. આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો.

# કવચયુક્ત સલાહ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

**કિશોરાવસ્થા**
**વ્યક્તિગત અનુકૂળતા**
**સંબધોમાં પડકારો**
**શૈક્ષણિક ઓછી સિદ્ધિ**
**કામ સંબંધિત સમસ્યાઓ**
**કુટુંબ / દંપતિ: લગ્ન પહેલા/ લગ્ન પછી**
**માતા-પિતા / બાળકો / ભાઈ-બહેન/ સહકર્મી**
**વર્તણૂક સબંધી વિકૃતિઓ**
**વ્યક્તિત્વ સબંધી વિકૃતિઓ**
**મનોવૈજ્ઞાનિક / ભાવનાત્મક પ્રશ્નો**
**તણાવ / પ્રતિશોધ**
**દારુ / માદક પદાર્થ અપરાધ**
**આધ્યાત્મિક સમસ્યાઓ**
**જીવન માર્ગદર્શન**

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

**વેબસાઇટ** : **chrysalislife.org**
**ફોન:** +91-80-25452617 અથવા ટોલ ફ્રી (સંપૂર્ણ ભારતમાંથી) 1-800-300-00998
**ઈમેલ: counselor@chrysalislife.org**

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવાનોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિસ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન 'ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ' અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગીદારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે “ઓલ પીપલ્સ ચર્ચ”ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે.

**અકાઉન્ટ નમ્બર**: All Peoples Church
**અકાઉન્ટ નમ્બર**: 50200068829058
**IFSC કોડ**: HDFC0004367
**બેંક**: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru - 560043, Karnataka

***કૃપા કરીને નોંધ લેશો:*** *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો.* વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/give. ની મુલાકાત લેશો.

અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.

**તમારો આભાર અને ઈશ્વર તમને આશિર્વાદ આપે!**

DOWNLOAD THE FREE APP!

*Search for*
"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play






*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ
**apcbiblecollege.org**

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઈંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરકે બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ઘનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip.Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC+5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ**: વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન**: ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ-લર્નિંગ**: પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. apcbiblecollege.org/elearn

**ઓનલાઇન અરજી** કરવા માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે apcbiblecollege.org ની મુલાકાત લો.

ઈશ્વર પાસે ઘડિયાળ છે જે જગતનો પાયો નંખાયો ત્યારથી—સનાતન ભૂતકાળથી—અજાણ્યા સમયથી હજી હાલના વર્તમાન સુધી-લગાતાર ટીક ટીક કરી રહી છે. શું તમે જાણો છો કે ઈશ્વર પાસે તમારા વ્યક્તિગત જીવન માટે એક ઘડિયાળ છે? શું તમે ક્યારેય તમારા કાંડા પરની ઘડિયાળ કે દીવાલ પરની ઘડિયાળ પ્રમાણે નહીં, પણ ઈશ્વરની ઘડિયાળ પ્રમાણે તમારું જીવન ગોઠવવાનો પ્રયત્ન કર્યો છે અથવા તો ઈચ્છા પણ કરી છે? તમારા માટે તે કેટલું મહત્વનું છે કે તમે **ઈશ્વર**ના સમય પ્રમાણે વસ્તુઓ કરો—કે તમે તમારા જીવનના કોઈપણ સમયે તે ઈચ્છે છે તે તમે કરો છો, અને તમે તે જ બનો જે તે તમને નક્કી કરેલા સમયે કરશે?

આ પડકારજનક પ્રશ્નો છે, અને તે મહત્વપૂર્ણ છે કે આપણે ઈશ્વરની ઘડિયાળ દ્વારા આપણા જીવનને જાણતા અને ક્રમમાં ગોઠવતા શીખીએ. આ પુસ્તક આપણને વ્યક્તિ તરીકે ઈશ્વરના સમયને પારખવામાં અને સમજવામાં મદદ કરશે.

All Peoples Church & World Outreach
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org